# સ્વામી વિવેકાનંદ જન્મદિવસ અવસરે
# ૫૦મી આંતરશાળા વક્તૃત્વ સ્પર્ધા - ૨૦૨૪

## ગુજરાતી


**રામકૃષ્ણ મિશન**

૧૨ મો રસ્તો, ખાર (પ.), મુંબઇ - ૪૦૦ ૦૫૨

ફોન : ૬૧૮૧૮૦૦૦/૬૧૮૧૮૦૦૨

## ગુજરાતી જુનિયર (૫ થી ૭ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મુલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

# નરેનનો આધ્યાત્મિક ઝુકાવ

કહેવાય છે કે જેવી સવાર તેવો દિવસ. તેજ પ્રમાણે બાળકમાં પ્રકટ થયેલા સમસ્ત ગુણોને જોતાં તેના ભાવિ જીવનનો પૂર્વાભાસ મળી જાય છે. નરેન વિષે કહી શકાય કે તેના જીવનની સવાર ખરેખર મંગલમય હતી ! પોતાનો સુગઠિત સુંદર શરીર, ગૌર વર્ણ, મોટી ચમકદાર આંખો, અને ઊભરતી પ્રતિભાથી ઝળકનારા ચહેરાને લીધે તે સ્વાભાવિક જ બધાના પ્રેમનું પાત્ર બનતો. ઊંચી ઊડાન ભરનારા સેંકડો સ્વપ્નથી ભરેલું મન, પ્રેમથી પરિપૂર્ણ હૃદય, કુશાગ્ર બુદ્ધિ, અસીમ શૌર્ય, વિલક્ષણ મૌલિક પ્રતિભા, અમાપ કાર્યક્ષમતા તથા અદમ્ય ઉત્સાહ - નરેન બાળપણથી જ અદ્વિતીય હતો. આ બધામાં સર્વોપરિ હતો તેનો ઈશ્વર પ્રત્યેનો સ્વાભાવિક ઝુકાવ ! બાળપણથી જ તે ધ્યાનમાં નિપુણ હતો : તેમ જ ઈશ્વરોપાસના, પ્રાર્થના અને ઈશ્વરની ખોજ કરવામાં આનંદ આવતો.

નરેન (અર્થાત ભાવિ સ્વામી વિવેકાનંદ) નો જન્મ સોમવાર, ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ ના દિવસે થયો હતો. તે મકર સંક્રાતિનો દિવસ હતો - એક મહાન હિન્દુ પર્વ ! પર્વ ઉજવનારા લાખો નરનારીઓએ અજાણતાં જ પૂજા અને પ્રાર્થના વડે નવજાત શિશુનું સ્વાગત કર્યું. તેઓને કલ્પના જ નહોતી કે આપણા દેશનું ગૌરવ વધારનાર, નવા યુગનો દૂત, ભારતની આધ્યાત્મિક અને રાષ્ટ્રીય ચેતનાને પુનર્ગઠિત કરનાર હજી હમણાં જ જન્મ્યો હતો; જે ભવિષ્યમાં સમસ્ત જગતને મુક્તિનો ઉપદેશ અર્થાત્ વેદાંતનો સંદેશ આપનાર મહાન દૂત બનનાર હતો.

જ્યારે નવજાત શિશુના નામકરણનો પ્રસંગ આવ્યો, ત્યારે ઘણી ચર્ચા થઇ. બધાએ માતાને પૂછ્યું, ત્યારે તેણે બાળકના આંખોનાં ઊંડાણ માપ્યા,

જાણે કે તેના અંતરાત્માનો ક્યાસ કાઢતી હતી. થોડીક ક્ષણો માટે અદ્ભુત શાંતિ છવાઈ ગઈ; પછી અતિ ભાવુક થઈ એના તરફ વળીને કહ્યું - ''એનું નામ વિરેશ્વર રહેશે ! તેજ નામ થી તે ઓળખાશે.'' સાંભળનારાઓને સંતોષ થયો. ટુંકમાં તેને સૌ બિલેહ કહેતા. કાળાન્તરે તે નરેન્દ્રનાથ અથવા નરેન તરીકે ઓળખાયા.

જ્યારે મા ભુવનેશ્વરી પોતાના ખોળામાં સુંદર અને સ્વસ્થ બાળકને અપલક નેત્રે જોતી, ત્યારે તેનું હૃદય ગર્વથી છલકાઈ જતું, આંખોમાંથી હર્ષના આંસુ વહેવા લાગતા; કારણકે અનેક પ્રાર્થનાઓના ફળસ્વરૂપે આ ચિરવાંછિત લાડકો બાળક તેમને પ્રાપ્ત થયો હતો. પણ તે સામાન્ય બાળક નહોતો, તેનામા એક પ્રચંડ શક્તિ છુપાયેલી હતી. તેનામાં રહેલી અદમ્ય ચંચળતાને કાબૂમાં રાખવી માતા માટે એક કઠિન સમસ્યા હતી. હજી તો ત્રણ વર્ષ નો નહોતો થયો અને તેના વિરૂદ્ધ શાંતિભંગ કરવાની ફરિયાદો આવવા લાગી.

નરેન્દ્રનાથ તોફાની બાળક હતો. ચંચળવૃત્તિના આવેશ દરમ્યાન તે બેકાબુ થઈ જતો. આવે વખતે તે પરિવારને હેરાનપરેશાન કરી નાખતો. લાલચ, ધમકીઓ બધાનો પ્રયોગ કરવા છતાં કશામાં સફળતા નહોતી મળતી. આખરે મા ભુવનેશ્વરીના ધ્યાનમાં આવ્યું. આક્રંદ કરતા બાળકના માથા પર ઠંડુ પાણી રેડતાં, તેના કાનમાં ધીરેધીરે શિવનું નામ બોલતાં અથવા જો તું આવું વર્તન કરશે, તો શિવજી તને કૈલાસ પર જવા નહીં દે - આવી માતાની ધમકીથી તે શાંત થઈ જતો અને ફરીથી પૂર્વવત ઉત્સુક અને આનંદિત બની જતો. આવા કેટલાક પ્રસંગો પરથી માતા કહેતી, ''મેં પુત્રમાટે શિવજીને પ્રાર્થના કરી અને તેમણે પોતાનો ભૂત (ગણ) મને મોકલી આપ્યો!''

પણ આવી કેટલીક ઘટનાઓ બાદ કરતાં, તે હસમુખ, મીઠડો અને પ્રેમાળ બાળક હતો.

નરેનના પ્રાથમિક શિક્ષણ દરમ્યાન જ આધ્યાત્મિક જીવનનું પ્રથમ બીજ રોપાયું. તેણે વારંવાર રામ અને સીતા વિષે સાંભળ્યુ હતું. રામાયણની કથાઓ તેણે આનંદવિભોર થઈને સાંભળી હતી. તેમજ રામના સંઘર્ષ અને



વિજયની લાંબી ગાથાઓમાં તેણે વ્યક્તિગત રોમાંચકારી સાહસનો અનુભવ કર્યો હતો. સાથે સાથે તેણે કુટુંબના વડીલોને પૂજા અને ધ્યાનમાં બેસતા જોયા હતા. તેને થયું કે મારે પણ રામની પૂજા કરવી જોઈએ. એક દિવસ તે હરિ નામના બ્રાહ્મણ છોકરા સાથે જઈ સીતા-રામની માટીની મૂર્તિ ખરીદી લાવ્યો અને જ્યારે આજુબાજુ કોઈ નહોતું ત્યારે તેઓ દાદર ચડીને સ્ત્રીઓના ઓરડાના છાપરાપરના એક માળિયામાં ગયા. સાવચેતીથી દરવાજો બંધ કર્યા પછી તેઓએ મૂર્તિની સ્થાપના કરી, અને ધ્યાનમાં બેસી ગયા. તે દરમ્યાન બન્ને છોકરાઓના માતાપિતાના ધ્યાનમાં આવ્યું કે ઘણા સમયથી બન્ને દેખાતા નહોતા. તેથી ચિંતાતુર થઈને તે બધાએ તેમની શોધ શરૂ કરી. આખરે છાપરાપરના નાના બંધ ઓરડા પાસે શોધતાં શોધતાં તેઓ આવી પહોંચ્યા. શોધનારાઓએ દરવાજો ઠોક્યો અને બુમો પાડી. પણ અંદરથી કોઈ જવાબ ન મળ્યો. છેવટે તેમના જોરદાર મુક્કાઓથી કડી તૂટી ગઈ અને બારણું ખુલ્યું ! પહેલાજ અનિષ્ટસૂચક સંકેતને લીધે હરિનું ધ્યાન તૂટ્યું અને તે દાદરા પરથી નીચે ભાગી ગયો. પણ નરેને કશું જ સાંભળ્યું નહોતું. તે ફૂલોથી સજાવેલી મૂર્તિ સામે સ્થિર થઈને ઊંડા ધ્યાનમાં બેઠો હતો. નામથી બોલાવ્યા છતાં તેણે જવાબ ન આપ્યો. ત્યારે તેને હચમચાવીને ધ્યાનમાંથી ચલિત કર્યો. પણ તેણે દઢતાથી એકલા રહેવાનો આગ્રહ કર્યો. તેથી બધાએ તેને એકલો રહેવા દીધો. આ બધાનું શું કરવું તેની તે કોઈને સમજ પડતી નહોતી; કારણ નરેનની ઉંમર એ બધા માટે અસામાન્ય હતી.

થોડા સમય બાદ ઘરના કોચમેને નરેનના નાદાન બાળમાનસમાં ખળભળાટ નિર્માણ કર્યો. એક દિવસ તે જ્યારે તબેલામાં ગયો ત્યારે વાતો કરતાં લગ્નનો વિષય નિકળ્યો જે આ વ્યક્તિ માટે અસહ્ય હતો. પોતાના કડવા અનુભવોની સ્મૃતિના આધારે તેણે લગ્નજીવનનો તીવ્ર નિષેધ કરતાં તેના નાના શ્રોતા મિત્રને (નરેનને) તેમાં રહેલી મુશ્કેલીઓ, મૂર્ખતા અને તેમાંથી ઉદ્ભવતા ઘોર બંધન વિષે કહ્યું. નરેનને આઘાત લાગ્યો-જાણે લગ્નની કાળી છાયા તેની સામે પ્રત્યક્ષ હતી. હવે સીતા-રામની મૂર્તિનું શું થશે? તેણે બન્ને પવિત્ર વિભૂતિઓ પ્રતિ પ્રેમ અને નિષ્ઠા સમર્પિત કરી હતી. તેમની પૂર્ણ ભક્તિ સાથે પૂજા કરી હતી. તેમના વિલક્ષણ ચરિત્ર વિષે તેના મનમાં વિશેષ આદર નિર્માણ થવા લાગ્યો હતો) તથા તેમની એકબીજા પ્રત્યેની નિષ્ઠાનો ચાહક બની ગયો હતો. પરંતુ કોચમેને લગ્નની કલ્પના

ઉપર ભયંકર અર્થ થોપી દીધો હતો. અને રામ અને સીતા વિવાહિત હતા - એ જ પર્યાપ્ત હતું !

કોચમેનના શબ્દો અને સીતા-રામની મૂર્તિ પ્રત્યેનો આદર - આ બન્નેના પરસ્પર વિરોધી સંઘર્ષે તેના મનમાં તીવ્ર વ્યથા નિર્માણ કરી, જેથી તે ધ્રુસ્કેધ્રુસ્કે રડી પડ્યો. બાળપણના સોનેરી સ્વપ્નોમાંથી એક સ્વપ્ન ભાંગી ગયું હતું. નરેન સ્ત્રી કક્ષ તરફ દોડી ગયો. માતાએ તેના આંસુ જોઇને દુઃખનું કારણ પૂછ્યું. ત્યાં સન્નાટો છવાઇ ગયો - પછી મોટા ડુસકાઓ ભરતાં તેણે પૂછ્યું, ''હું સીતા-રામની પૂજા કેવી રીતે કરું? શું સીતા રામની પત્ની નહોતા?'' મા ભુવનેશ્વરી પોતાનાં પુત્રની વ્યથા સમજી ગયા. પણ એને આશ્વાસન કેમ આપવું ? જેમ પ્રકાશ આવતાં જ અંધકાર દૂર થાય તેમ તેના મનમાં ભગવાન શિવનો વિચાર આવ્યો. તેણે પુત્રને નરેન નહીં કહેતા વિરેશ્વર નામે સંબોધિત કર્યો, ''પૂજા કરવા માટે ભગવાન શિવ છે.'' માતાનાં શબ્દો નરેનનાં હૃદયમા ઊંડે અંકિત થઇ ગયા.

બીજે દિવસે માતાએ આપેલા પૈસા વડે નરેને ભગવાન શિવની મૂર્તિ ખરીદી. અને તેની સ્થાપના કરી. તરત જ શિવજીની સામે આંખો બંધ કરી બહારની દુનિયા ભૂલીને ઊંડા ધ્યાનમાં બેસી ગયો.

પરંતુ એમાં કેટલી દારૂણ પીડા સમાઇ હતી ! પોતાનું સ્વપ્ન તુટ્યા પછી એકાદ બાળકનું મન, પોતાની સર્વ સંપત્તિ લુંટાઇ ગયેલા માનવી કરતાં વધુ દયનીય હોય છે.

તે છતાં રામ અને સીતા પ્રત્યેની ભક્તિ ક્યારેય નષ્ટ થઇ નહીં અને રામાયણ પ્રત્યે તેનું આકર્ષણ યથાવત્ રહ્યુ. પણ હવે પછી વૈરાગ્યના દેવ, શિવજીની પૂજા કરવી શરૂ કરી. બાળપણથી જ તેને સંન્યાસી થવાનો મોહ હતો.

પરિવારના વડીલો એ નરેનને મજાકમાં કહ્યુ, કે કોઇ ધ્યાન કરે તો એના વાળ સાધુ જેવા લાંબા અને જટા જેવા થાય, અને ધીમે ધીમે વડના ઝાડના મૂળની જેમ જમીનમાં ઊંડા ઊતરી જાય. તેથી ધ્યાનમાં બેઠેલ ભોળો બાળક, વચ્ચે વચ્ચે આંખો ખોલી તેના વાળ લાંબા અને જટા જેવા થયા કે નહીં તે જોતો. જ્યારે એની અપેક્ષા પૂરી થઇ નહીં ત્યારે ગભરાટમાં માતા પાસે



દોડી ગયો અને પુછવા લાગ્યો, ''મેં ધ્યાન કર્યું, પણ જટા જેવા વાળ કેમ ઊગ્યા નહી?'' તેની માતાએ આશ્વાસન આપ્યુ,'' તે એક કલાક કે એક દિવસમાં નથી ઊગતા. જટા જેવા વાળ થવા માટે ઘણા દિવસો તેમજ ઘણા મહિનાઓ લાગે છે.'' પછી વાતનો વિષય બદલાયો અને થોડા દિવસ પહેલાં ખરીદેલી શિવજીની મૂર્તિ તરફ વળ્યો. તેણે કહ્યું કે તે સવારે જ્યારે મૂર્તિ સમક્ષ બેઠો હતો ત્યારે તેને માતાના શબ્દો તીવ્ર વેગથી યાદ આવ્યા - તેના તોફાનના લીધે તેને શિવજીથી દૂર મોકલી દેવામાં આવ્યો હતો. પ્રત્યેક હિંદૂ બાળક અજાણતા જ પુનર્જન્મનું સત્ય સ્વીકારે છે, તેથી તેણે આગળ કહ્યુ, '' મને લાગે છે કે હું ક્યારેક સાધુ હતો. જો હું સારૂં વર્તન કરૂં તો મને શિવજી ફરી પોતાની પાસે બોલાવી લેશે?'' માએ હા પાડી, પરંતુ કદાચ તેના દાદાની જેમ નરેન પણ દુનિયાનો ત્યાગ કરી શિવજી પાસે પાછો ચાલી જશે એ વિચારથી એનું હૃદય કંપી ઊઠ્યું. પછી તેણે એ વિચારને મનમાંથી કાઢી નાખ્યો. તેણે મનને સમજાવ્યું કે નરેનનો વિવેક જાગૃત થવાથી તે સંસારના સુખોને અસહ્ય બોજો માને અને ઇશ્વરના સ્મરણ માત્રમાં જ આનંદ છે એ સમજવા માટે હજી ઘણા વર્ષો પડ્યા છે.

**ગુજરાતી જુનિયર (૫ થી ૭ વર્ગ)**

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મુલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

# સ્વામી વિવેકાનંદ - એક દેશભક્ત સંત

આપણે જ્યારે સ્વામીજીના જીવનનો અભ્યાસ કરીએ ત્યારે આપણને ખાતરી થાય છે, તેઓ સર્વ દ્રષ્ટિથી અદ્વિતીય હતા. ભારતને એમની જેમ વધુ પ્રેમ કરનાર, આ દેશ માટે અત્યંત ગર્વ કરનાર, અને રાષ્ટ્રના હિત માટે ઉત્સાહપૂર્વક કામ કરનાર અન્ય કોઇ નહોતો. સ્વામીજીના વિચારો દ્વારા આપણને ભારતના ભૂત, વર્તમાન તેમજ ભવિષ્યકાળનું પૂર્ણ ચિત્ર મળી જાય છે. તેથી જ રવિન્દ્રનાથ ટાગોરે રોમા રોલાને કહ્યું હતું,''જો તમારે ભારતને જાણવું હોય તો વિવેકાનંદ (વિષે) ને વાંચો.''

એકવાર, પોતાના વિષે બોલતાં સ્વામીજીએ કહ્યુ હતું કે તેઓ 'કંડેન્સ્ડ ઇંડિયા (સંક્ષિપ્ત ભારત) હતા. ખરેખર, તેમનો ભારત પ્રત્યેનો પ્રેમ એટલો પ્રગાઢ હતો કે અન્તતઃ તેઓ ભારતનું મૂર્તરૂપ બની ગયા હતા. વિવેકાનંદ અને ભારત એકરૂપ બની ગયા. ભગિની નિવેદિતાએ આ વિશ્વાસનો પડઘો પાડતા કહ્યું, ''તેમનાં હૃદયમાં ભારત ધડકતું હતું, નસનસમાં ભારત ધબકતું હતું, ભારત તેમનું દિવાસ્વપ્ન તેમજ દુઃસ્વપ્ન પણ હતું. તેઓ સાકાર મૂર્તિમાન ભારત હતા. તેઓ ભારત હતા - તેની આધ્યાત્મિકતા, તેની પવિત્રતા, તેની બુદ્ધિમતા, તેની શક્તિ, તેનું સ્વપ્ન તેમજ તેના ભાગ્યનું એકમાત્ર પ્રતીક હતા.

૧૮૯૧ માં સ્વામીજી માઉન્ટ આબુમાં એક મુસ્લિમ વકીલને ત્યાં અતિથિ તરીકે રહેતા હતા. એક દિવસ ખેત્રીના રાજાના ખાનગી સચિવ જગમોહનલાલ, વકીલને બંગલે આવ્યા અને સ્વામીજી, એક હિન્દૂ સંન્યાસીને ત્યાં જોઇ આશ્ચર્યચકિત થયા. પોતાનું વિસ્મય ન છુપાવી શકવાને કારણે જગમોહનલાલે સ્વામીજીને કહ્યું, ''સ્વામીજી! આપ એક



હિંદૂ સાધુ છો, આપ એક મુસલમાન સાથે કેવી રીતે રહી શકો?''

સ્વામીજી કોઇપણ પ્રકારના જાતિ-ભેદ, ધર્મ-ભેદ અથવા સંકીર્ણતાને લેશમાત્ર સહન કરી શકતા નહોતા. એ કારણે એમણે કઠોર સ્વરે જવાબ આપ્યો,''મહાશય ! તમે શું સમજો છો? હું એક સંન્યાસી છું. હું તમારી તમામ સામાજિક રૂઢિઓથી પર છું. અછૂત કહેવાતા ઝાડુવાળા સાથે પણ જમી શકું છું. હું ઇશ્વરથી ડરતો નથી કારણ કે તે માટે તેની સંમતિ છે - હું શાસ્ત્રોથી ઘભરાતો નથી કારણ કે તેઓ પણ તેની અનુમતિ આપે છે. પણ હું તમારાથી અને તમારા સમાજથી ડરૂં છું. તમે ઇશ્વર અને શાસ્ત્રો વિષે કાંઇ જાણતા નથી. હું સર્વત્ર બ્રહ્મને જોઉ છું. - અતિ ક્ષુદ્ર જીવમાં પણ ! મારા માટે ઊંચ નીચ જેવું કાંઇ નથી. ''શિવ શિવ!'' સ્વામીજીના દરેક શબ્દો જાણે આગ વરસાવી રહ્યા હતા, ત્યારે મુનશી જગમોહનલાલ તેમના ભવ્ય વ્યક્તિમત્વ સામે મંત્રમુગ્ધ થઇ ઊભા હતા.

એક વાર કોઇએ સ્વામીજીને કહ્યું કે એક સંન્યાસીને પોતાના દેશ માટે વિશેષ આસક્તિ ન હોવી જોઇએ. તેના બદલે એને બધા દેશોને પોતાના દેશની જેમ ગણવા જોઇએ. સ્વામીજીએ એના જવાબમાં કહ્યું, ''જે વ્યક્તિ પોતાની માતાને પ્રેમ અને સહારો નથી આપી શકતો તે બીજાની માતાને શું ભરણપોષણ આપી શકશે?'' સ્વામીજી કહેવાનો આશય એ હતો કે સંન્યાસીઓએ પણ પોતાની માતૃભૂમિને પ્રેમ કરવો જોઇએ. જે પોતાના દેશને પ્રેમ નથી કરતો તે બીજાને કેવી રીતે અપનાવી શકે ? પહેલાં દેશપ્રેમ, પછી વિશ્વપ્રેમ.

સ્વામીજીના હૃદયમાં આત્મસમ્માનની ઊંડી ભાવના હતી અને અપેક્ષા રાખતા કે દરેક ભારતીય પણ એમની જેમ આત્મસમ્માન પ્રતિ જાગૃત રહે. પશ્ચિમ દેશોના પ્રવાસે જવા પૂર્વનો, આગળ દર્શાવેલો પ્રસંગ આ બાબત સ્પષ્ટ કરે છે.

સ્વામીજી અને જગમોહનલાલ આબુરોડ સ્થાનકપર મુંબઇ જતી રેલના ડબ્બામાં ગાડી ઉપડવાની રાહ જોતાં બેઠા હતા. સ્વામીજીના એક બંગાળી પ્રશંસક, જેઓ તેમને વિદાય આપવા આવ્યા હતા તેઓ પણ એ ડબ્બામાં હતા. તે દરમ્યાન, એક યુરોપિયન ટિકિટ કલેક્ટર આવ્યો અને એ

સદ્ગૃહસ્થને ગાડીમાંથી નીચે ઉતરવાનો આદેશ કર્યો. તે સદ્ગૃહસ્થ પણ રેલ્વેના કર્મચારી હતા. તેઓએ ટિકિટ કલેક્ટરને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તેમણે કોઈપણ ગેરકાનુની કામ કર્યું નહોતું. પરંતુ ટિકિટ કલેક્ટર તેમની વાત સાંભળવા તૈયાર નહોતો. પરિણામે ગરમાગરમ દલીલો થતાં સ્વામીજીને ત્યારે વચ્ચે પડવું પડ્યું. પણ એ યુરોપિયને, તેમને એક સાધારણ સાધુ સમજી ઉદ્ધતાઈથી કહ્યું, ''તુમ કાહે બાત કરતે હો? તમે શું કામ વચ્ચે પડો છો?''

હિંદીમા 'તુમ' શબ્દ ઘનિષ્ઠ મિત્રો અથવા નિમ્ન કક્ષાના વ્યક્તિના સંબોધન માટે, જ્યારે 'આપ' સરખેસરખા અથવા વરિષ્ઠ લોકોને સંબોધિત કરવા વપરાય છે. તુચ્છકારભર્યા 'તુમ' શબ્દથી સ્વામીજી ક્રોધિત થયા. તેમણે કહ્યું, ''તુમ' શબ્દથી તમારો શું મતલબ છે? શું આપ યોગ્ય વર્તન નથી કરી શકતા? તમે 'આપ' કેમ ન કહ્યું?'' પોતાની ભૂલ સમજાતાં ટિકિટ કલેક્ટર કહ્યું, ''હું દિલગીર છું. હું હિંદી ભાષા બરાબર જાણતો નથી. હું તો ફક્ત આ માણસને....'' સ્વામીજીએ તેને રોકતાં કહ્યું, ''હમણાં તમે કહ્યું કે તમે હિંદી બરાબર જાણતા નથી. હવે હું જોઉં છું કે તમે પોતાની ભાષા પણ સારી રીતે જાણતા નથી. આ માણસ જેની સાથે આપ વાત કરી રહ્યા છો તે સદ્ગૃહસ્થ છે.'' સ્વામીજીએ યુરોપિયનને કહ્યું કે તેના અપમાનજનક વર્તન વિષે તેઓ અધિકારીઓને ફરિયાદ કરશે. ટિકિટ કલેક્ટર ભયભીત થઈને જલ્દીથી ડબ્બા છોડી ગયો.

જેવો ટિકિટ કલેક્ટર ગયો કે પછી સ્વામીજીએ જગમોહનલલને કહ્યું, જુઓ, યુરોપિયનો સાથે વ્યવહાર કરતા સમયે આપણે પોતાના સ્વમાનનું ધ્યાન રાખવું જરૂરી છે. આપણે પોતાની પદ અને પ્રતિષ્ઠા વિષે એજ રીતે સભાન રહેવું જોઈએ જેમ બીજા લોકો રહે છે. દુર્ભાગ્યવશ આપણે એ નથી કરી શકતા અને એ નિષ્ફળતાને કારણે અન્ય લોકો આપણી સાથે અપમાનજનક વહેવાર કરે છે. આપણે આત્મસન્માનની બધી રીતે રક્ષા કરવી જોઈએ નહિં તો આપણે અપમાનિત અને તિરસ્કૃત થતા રહીશું. ધ્યાન રાખો, કાયરતા જ બધા ભ્રષ્ટાચાર તથા બધા અનિષ્ટ ઉત્પન્ન કરવાનું મૂળસ્થાન છે. ભારતીયો આ પૃથ્વી પરની કોઈપણ વ્યક્તિ કરતાં ઓછા સુસંસ્કૃત નથી, પરંતુ હમેશા પોતાનું અવમૂલ્યન કરે છે. તેથી જ કોઈપણ



લોકો આપણું અપમાન કરવાની હિંમત કરે છે, અને આપણે અપમાનને ચુપચાપ પચાવી જઈએ છીએ.

આમ સ્વામીજીએ ભારતીયો ને દેશને પ્રેમ અને તેનો આદર કેવી રીતે કરવો તે શીખવ્યું. તેમને પૂર્ણ વિશ્વાસ હતો કે વિશ્વને પાશ્ચાત્ય ભૌતિકવાદ કરતાં ભારતીય આધ્યાત્મિક સંપદાની અધિક જરૂર છે. અને એ દૃઢ વિશ્વાસે તેમને કદીપણ પાશ્ચાત્ય સભ્યતાની ચકાચૌંધથી ચકિત થવા દીધા નહીં અને ક્ષણમાત્ર માટે પણ લઘુતાગ્રંથિથી ત્રસ્ત થવા દીધા નહીં. એ અડગ વિશ્વાસને કારણે તેમણે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિના ગૌરવની ઘોષણા કરી. એમાં કોઈ સંદેહ નથી કે તેમની હિંમત અને વિશ્વાસની દૃઢતાથી પ્રેરાઈને પશ્ચિમી દેશોના હજારો લોકો ભારત અને તેની સભ્યતા પ્રતિ આકર્ષિત થયા.

ઐતિહાસિક ધર્મમહાસભામાં સ્વામીજીનો કેવો પ્રભાવ પડ્યો, એ વિષે ડો. એની બેસેન્ટે લખ્યુ છે : 'લોકો તેમને યોદ્ધા સંન્યાસી કહેતા.' તેમની પહેલી છાપ સાધુ કરતાં યોદ્ધાની હતી. પોતાના દેશ તથા જાતિના ગૌરવથી ઓતપ્રોત તેમનું વ્યક્તિત્વ હતું. શાશ્વત ધર્મોમાં સૌથી પ્રાચીન ધર્મના તેઓ પ્રતિનિધી હતા ...!

ધર્મમહાસભામાં આપેલા સ્વામીજીના પહેલા પ્રવચને તેમને એટલા પ્રખ્યાત કર્યા કે શિકાગોના પ્રતિષ્ઠિત લોકોએ તેમને પોતાને ઘેર આમંત્રિત કર્યા. બધા તેમનું આતિથ્ય-સત્કાર કરવા ઈચ્છતા હતા.

મહાસભામના પહેલા દિવસના સત્ર પછી સ્વામીજીને એક લખપતિ સજ્જન આલિશાન ભવનમાં લઈ ગયા જ્યાં તેમનું ભવ્ય સ્વાગત થયું. યજમાને તેમના આરામ માટે દરેક સુખ-સુવિધાની વ્યવસ્થા કરી હતી, પણ સ્વામીજીને ન તો યશ અને કીર્તિની કામના હતી, ન તો શારીરિક આરામની જરૂર હતી. તેથી આ ઠાઠમાઠ અને ભવ્યતા અને અમેરિકન જનતાની સ્વાભાવિક પ્રશંસાના વચ્ચે પણ સ્વામીજી અસ્વસ્થ હતા. પોતાના દેશવાસીઓ કેટલી યાતનાઓ ભોગવી રહ્યા છે તે તેઓ ભૂલી શકતા નહોતા. ભારત માટે તેમનું હૃદય વ્યથિત રહેતું હતું અને તેમને આરામદાયક પલંગ પર ઊંઘ આવતી નહોતી. તેઓ જમીન પર સૂતા અને એક બાળકની જેમ આખી રાત રડતા રહ્યા. તેમણે પ્રાર્થના કરી, ''હે મા! જ્યારે મારો દેશ ઘોર

દારિદ્રયમાં ડુબેલો છે ત્યારે કોને કીર્તિની ખેવના હોય ! આપણે ભારતીયો એટલા ગરીબ છીએ કે આપણામાંના લાખો લોકો મુઠ્ઠીભર અન્ન માટે મરે છે. ત્યારે અહીં લોકો પોતાના સુખસગવડ માટે છુટા હાથે પૈસા ખરચે છે. ભારતીયોનો ઉદ્ધાર કોણ કરશે? કોણ તેમણે અન્ન આપશે ? મા ! હું તેમની સેવા કેવી રીતે કરી શકું.'' આ ઉત્કટ પ્રેમ હતો સ્વામીજીનો ભારત પ્રતિ !

તેમનાં સંપર્કમા આવનારી સર્વ વ્યક્તિઓને તેઓ ભારત માટે પ્રેમ કરવા પ્રોત્સાહિત કરતા. ભગિની ક્રિસ્ટીન લખે છે : 'મને લાગે છે, જ્યારે અમે પહેલી વાર તેમની ઓજસ્વી વાણીમાં 'ઇંડિયા' શબ્દ સાંભળ્યો ત્યારે અમારા મનમાં ભારત પ્રતિ પ્રેમ જન્મ્યો હતો. પાંચ અક્ષરના એક નાના શબ્દમાં પ્રેમ, જૂસ્સો, ગર્વ, ખેવના, પૂજા-ભાવ, દુઃખ તેમજ સાહસ આ બધા શબ્દોનો સમાવેશ થાય છે. જેઓએ તેને (શબ્દને) સાંભળ્યો તેમના હૃદયમાં પ્રેમ સ્ફુરિત કરવાની જાદુઇ શક્તિ હતી.'

લંડન છોડ્યા પહેલાં તેમના એક અંગ્રેજ મિત્રે તેમને પૂછ્યું, ''સ્વામીજી, સુખસુવિધાથી પૂર્ણ વૈભવશાળી, તથા શક્તિશાળી પશ્ચિમ દેશોના ચાર વર્ષના અનુભવ પછી હવે તમને તમારી માતૃભૂમિ કેવી લાગે છે?'' સ્વામીજીએ ઉત્તર આપ્યો,''અહીં આવતાં પહેલા હું ભારતને પ્રેમ કરતો હતો. હવે તો ભારતની ધૂળ પણ મારા માટે પવિત્ર બની ગઇ છે. ત્યાંની હવા પણ મારા માટે પવિત્ર છે. તે એક પાવન ભૂમિ છે, એક ધાર્મિક સ્થળ - એક તીર્થ !''



**ગુજરાતી જુનિયર (૫ થી ૭ વર્ગ)**

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરૂં કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મુલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

# શિવભાવે જીવસેવા

નરેન્દ્રના (સ્વામી વિવેકાનંદ) પિતા વિશ્વનાથ દત્ત, તેમની દાનશીલતા માટે પ્રખ્યાત હતા. એમના બીજા પુત્ર, મહેન્દ્રનાથે તેમના વિષે લખ્યું છે, ગરીબોને મદદ કરવાની પ્રેરણા તેમના માટે રોગ સમાન હતી. તેમની વસતીમાં તેઓ 'પરોપકારી વિશ્વનાથ' ના નામે જાણીતા હતા. જ્યારે કોઇને સંકટમાં જોતા ત્યારે તેઓ મદદ કર્યા વગર નહી રહી શકતા. પોતાના દૂરના સંબંધીઓના બાળકોનો શૈક્ષણિક ખર્ચ તેઓ ખચકાયા વગર કરતા. કોઇપણ ભોગે પડોશીઓની ગરીબી હળવી કરવાનો પ્રયત્ન કરતા. ઉલ્લેખનીય વાત એ છે કે દાન-ધર્મના કાર્યમાં તેઓ કદી ભેદભાવ નહોતા કરતા. તેઓ અયોગ્ય લોકોને પણ આર્થિક સહાય કરતા. નરેન્દ્રનાથે આ જોયું અને એકવાર પૈસાના ઘોર દુરુપયોગ તરફ પિતાનું ધ્યાન દોર્યું. ત્યારે વિશ્વનાથે તેમને સમજાવ્યું, ''બેટા! જિંદગી દુઃખોથી ભરેલી છે. જ્યારે તું મોટો થઇશ ત્યારે તું જાતે સમજશે અને સૌ પર દયા કરશે.''

નરેન્દ્રનાથને આ સહાનુભૂતિની સંપૂર્ણ અભિવ્યક્તિ શ્રી રામકૃષ્ણના જીવન અને ઉપદેશોમાંથી થઇ જેમણે (શ્રી રામકૃષ્ણે) તેમની સ્વાભાવિક દયાને પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુ માટે પ્રેમ અને આદરમાં રૂપાંતરિત કરી. શ્રી રામકૃષ્ણે તેમને શિખવ્યું કે માત્ર દયા કરવી પૂરતી નથી. મનુષ્ય ઇશ્વરનું જીવંતરૂપ છે. શું ક્યારેય આપણે ઇશ્વર પ્રત્યે દયા કરવાનું વિચારીએ છીએ ? નહી, ઉલટાનું ઇશ્વરની સેવા અને પૂજા-અર્ચના કરવામાં આપણે પોતાનું અહોભાગ્ય માનીએ છીએ. તેથી 'દયા' આ શબ્દ યોગ્ય નથી. યોગ્ય રીત તો એ હોવી જોઇએ કે 'જીવ' ને 'શિવ' સમાન ગણી તથા માનવતા એ દેવત્વની અભિવ્યક્તિ છે એ સમજીને સેવા કરવી જોઇએ. કોઇનો તિરસ્કાર ન કરીએ કારણ પાપી પણ મૂલતઃ ઇશ્વર છે. એજ 'નારાયણ' ચોર અથવા અસભ્ય

વ્યક્તિમાં અને તેજ પ્રમાણે સદ્‌ગુણી અને સંસ્કારીમાં પણ રહેલા છે.

આમ સ્વામી વિવેકાનંદ પોતાના ગુરૂ પાસેથી દરેક વ્યક્તિ-પતિત સાથે પણ આદરથી વર્તન કરતા શિખ્યા. તેઓ કહેતા, 'દુષ્ટ ઇશ્વર', 'પાપી ઇશ્વર'. તેઓ ઘણીવાર કહેતા આ નર્ક સમાન જગતમાં કોઇપણ એકાદ વ્યક્તિના હૃદયમાં એક દિવસ માટે પણ આનંદ અને શાંતિ લાવી શકે તો તે જ માત્ર સત્ય છે જિંદગીભર દુઃખ સહન કર્યા બાદ હું આ શિખ્યો છું.

એક વાર, ઉત્તર ભારતના એક પંડિત સ્વામીજીને હરાવવાના ઇરાદાથી વેદાંતચર્ચા કરવા તેમની પાસે આવ્યા. પરંતુ તે સમયે સ્વામીજીને વેદાંતચર્ચા કરવાની જરાપણ ઇચ્છા નહોતી કારણ કે દેશભરમાં ફેલાયેલા દુકાળથી પીડિત લોકો વિષે સતત વિચારતા હતા. તેમણે પંડિતજીને કહ્યું, ''પંડિતજી, સૌથી પહેલાં ચારે બાજુ ફેલાયલા ભયંકર સંકટને નિવારવાનો પ્રયત્ન કરો, આપણા ભુખ્યા દેશવાસીના એક મુઠ્ઠીભર અનાજ માટેના હૃદયદ્રાવક રૂદનને શાંત કરવાનો પ્રયત્ન કરો; એ પછી વેદાંતની ચર્ચા કરવા માટે મારી પાસે આવજો. ભૂખથી મરતા હજારો લોકોના જીવ બચાવવા પોતાનું તન-મન સમર્પિત કરવું - આજ વેદાંત ધર્મનો સાર છે.

સ્વામી વિવેકાનંદ મુંબઇ જતા હતા તે પહેલાં, સ્વામી તુરીયાનંદ (હરિ મહારાજ) આબુરોડ સ્ટેશન પર તેમને મળવા ગયા હતા. ત્યારે સ્વામીજીએ તેમને કહ્યું, ''હરિભાઇ, તમારા કહેવાતા ધર્મ વિષે હું હજી પણ કાંઇ જ સમજી શકતો નથી. સ્વામીજી અત્યંત ભાવુક થતાં આગળ કશુંજ બોલી ન શક્યા અને તેમનું શરીર કાંપવા લાગ્યું. તેમના ચેહરાપર ઉદાસી છવાઇ ગયી. પણ તરત જ પોતાની જાતને સંભાળી લીધી અને છાતી પર પોતાનો હાથ મુકતાં કહ્યું, ''મારૂ હૃદય બેહદ વિશાળ થઇ ગયું છે અને હું બીજાના દર્દોના અનુભવ કરતાં શિખી ગયો છું ! મારો વિશ્વાસ કરો, જ્યારે કોઇ પણ દુઃખી થાય છે ત્યારે હું અક્ષરશઃ વ્યથાથી તરફડું છું!''

સ્વામીજી ફરી વિહ્વળ થયા અને તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. સ્વામી તુરીયાનંદ સ્તબ્ધ થઇ ગયા. તેમણે વિચાર્યું; શુ ભગવાન બુદ્ધે પણ આવો જ અનુભવ કરતા પ્રેમભર્યા આવા શબ્દો કહ્યા હતા? તેઓ આ સ્પષ્ટપણે સમજી રહ્યા હતા કે લાખો લોકોનું અંતહીન દુઃખ સ્વામીજીના હૃદયમાં તોફાન મચાવી રહ્યું છે. તેમનું હૃદય જાણે એક વિશાળ પાત્ર હતું



જેમાં સમસ્ત માનવજાતના દુઃખનિવારણ માટે મલમ તૈયાર થઇ રહ્યો હતો.

૧૩ એપ્રિલ ૧૮૯૦ માં સ્વામીજી જ્યારે વારાણસીમાં રહેતા હતા ત્યારે તેમના ગુરૂબંધુ બલરામ બોઝના મૃત્યુના સમાચાર મળ્યા. તેમને એટલો આઘાત લાગ્યો કે પોતાના આંસુ રોકી શક્યા નહીં. વારાણસીના એક પ્રખ્યાત વિદ્વાન, પ્રમદાદાસ મિત્રએ આ જોયું અને કહ્યું, ''સ્વામીજી, તમે સંન્યાસી છો, તમારે આમ વિલાપ ન કરવો જાઇએ.''

પ્રમદાબાબુના આ કથનથી સ્વામીજીને દુઃખ થયું. તેમણે કહ્યું, ''પ્રમદાબાબુ, તમે શું કહેવા માગો છો? એ સાચું છે કે હું સંન્યાસી છું. પણ એક સંન્યાસીએ હૃદયહીન હોવું જરૂરી છે?'' પછી આગળ કહ્યું, ''એક સાચો સંન્યાસી સામાન્ય લોકો કરતાં અધિક મૃદુહૃદયી હોય છે. છેવટે આપણે માનવ છીએ. અને સૌથી વિશેષ તો એ કે બલરામબાબુ મારા ગુરૂબંધુ હતા. મને એ પ્રકારનો વૈરાગ્ય પસંદ નથી જે વ્યક્તિને લાગણીહીન અને નિર્દયી બનાવે.''

સ્વામીજી વારંવાર પોતાના શિષ્યોને કહેતા હતા કે જે બીજાનું ભલું કરવાનો પ્રયત્ન નથી કરતા તેને સંન્યાસી ભાગ્યે જ કહેવાય. તેઓ નિરંતર કહેતા કે સંન્યાસી જન્મ લે છે બીજા માટે, દુઃખીઓ ને આશ્વાસન આપવા માટે - પછી તે માતા હોય જેણે પોતાનો દિકરો ગુમાવ્યો છે અથવા કોઇ દુખિયારી વિધવા. એનો જન્મ માનવોના ભૌતિક દુઃખોનું નિવારણ કરવા માટે તેમજ તેમની આધ્યાત્મિક જરૂરિયાતોને પૂરી કરવા અને તેમનામાં રહેલી સુષુપ્તશક્તિને જાગૃત કરવા માટે હોય છે.

શિયાળામાં એક દિવસ સ્વામીજી દેવઘરમાં સ્વામી નિરંજનાનંદ સાથે પ્રિયનાથ મુખરજીને ત્યાં મહેમાન થઇને ગયા હતા. એક દિવસ પોતાના સંન્યાસી બંધુ સાથે ફરવા ગયા ત્યારે સ્વામીજીએ રસ્તાની બાજુએ એક મનુષ્યને વેદનાથી પીડિત, નિઃસહાય અવસ્થામાં પડેલો જોયો. સ્વામીજી એની પાસે ગયા અને જોયું કે તે તીવ્ર અતિસારથી પીડાતો હતો. એમને જણાયું કે એને તાત્કાલિક ઉપચારની જરૂર છે પણ પહેલાં એને રસ્તાપરથી ખસેડવો જોઇએ પણ એને ક્યા લઇ જવો ? તેમને પ્રિયનાથબાબુના ઘરનો વિચાર આવ્યો. પરંતુ સ્વામીજી પોતે ત્યાં એક મહેમાન હતા. તે અજાણી

વ્યક્તિના ત્યાં કેવી રીતે લઇ જઇ શકે? પ્રિયનાથ બાબુ કદાચ નારાજ થઇ જાય. પળવાર માટે એમને સંકોચ થયો પણ એમણે નિશ્ચય કર્યો કે કોઇપણ ભોગે તે અસહાય વ્યક્તિની સેવા કરવી જ જોઇએ. સ્વામી નિરંજનાનંદની મદદ વડે તે મનુષ્યને પ્રિયનાથબાબુના ઘરે લઈ આવ્યા, એને ખાટલાપર સુવાડ્યો, તેને સ્વચ્છ કર્યો, કપડા બદલાવ્યા અને ગરમ શેક આપ્યો. તેમના ઉપચારથી તે મનુષ્ય જલ્દી સારો થયો. પ્રિયનાથબાબુનું હૃદય સ્વામીજીના અતુલનીય પ્રેમનું રૂપ જોઇ નારાજ ન થતાં પ્રશંસાથી ભરાઇ ગયું.

અમેરિકન લખપતિ શ્રી. જોન ડી. રોકફેલર પોતાના મિત્રો પાસેથી સ્વામીજી વિષે સાંભળ્યુ હતું. તે મિત્રો ઇચ્છતા હતા કે શ્રી રોકફેલર આ વિલક્ષણ ભારતીય સંન્યાસીને મળે, પણ તેમણે એક યા બીજા બહાને મળવાની ના પાડી. તેઓ અતિ દૃઢનિશ્ચયી હતા. તેમનો નિર્ણય બદલાવવો કોઇને પણ માટે અશક્ય હતું. પણ એક દિવસ રોકફેલર ગુસ્સામાં આવીને શિકાગોમાં તેમના એક મિત્રના ઘરે જઇ પહોંચ્યા જ્યાં સ્વામીજી રહેતા હતા. રસોઇયાએ દરવાજો ખોલતાં જ તેને બાજુપર ધકેલતા તેમણે હિંદુ સંન્યાસીને મળવા માટે આગ્રહ કર્યો.

રસોઇયો તેમને બેઠકખંડમાં લઇ ગયો, પરંતુ કોઇપણ સૂચનાની રાહ જોયા વગર રોકફેલર સ્વામીજીના અભ્યાસખંડમાં દાખલ થયા. સ્વામીજી પોતાના ટેબલ પાસે બેઠા હતા અને કોણ અંદર આવ્યું એ જોવા માટે આંખ પણ ઊંચી ન કરી. આ જોઇને રોકફેલરને અત્યંત આશ્ચર્ય થયું. થોડી પળો પછી સ્વામીજીએ રોકફેલરને તેમના (રોકફેલર) ભૂતકાળ વિષે એવી કોઇ વાતો બતાવી જે તેમના સિવાય કોઇને ખબર નહોતી. તેમજ તેમને સમજાવ્યું કે તેઓએ જે પૈસા ભેગા કર્યા છે, તેમના નથી, તેઓ ફક્ત એક માધ્યમ હતા. અને તેમનું કર્તવ્ય હતું કે વિશ્વનું કલ્યાણ કરે. ઇશ્વર તેમને આટલી સંપતિ એટલા માટે આપી હતી કે તેમને લોકોને મદદ કરવાની તક મળે. પોતાની સાથે આપ્રમાણે વાત કરવાની હિંમત કોઇ કેમ કરી શકે એ વિચારે રોકફેલર સંતપ્ત થયા. રજા લીધા વગર ગુસ્સામાં ઓરડામાંથી બહાર નીકળી ગયા. પરંતુ અઠવાડિયા પછી, ફરી જાણ કર્યા વગર સ્વામીજીના અભ્યાસખંડમાં આવ્યા અને તેમને પહેલાની જેમ બેઠેલા જોઇ, એમના ટેબલપર એક કાગળ



ફેંક્યો, જેમાં એક સાર્વજનિક સંસ્થાની સહાય માટે મોટી રકમનું દાન કરવા માટેની યોજના વિષે લખ્યું હતું.

તેમણે કહ્યું, ''આ લો, હવે તમને સંતોષ થયો હશે અને તે માટે તમારે મારો આભાર માનવો જોઇએ'' સ્વામીજીએ આંખ પણ ઊંચી કરી નહીં, અને ખસ્યા પણ નહી. પછી હાથમાં કાગળ લઇ શાંતિથી વાંચ્યો અને કહ્યું, ''આભાર તો તમારે મારો માનવો જોઇએ.''

જનકલ્યાણ માટે રોકફેલરનું આ પ્રથમ મોટું દાન હતું પછી તેઓ પરોપકારી કાર્ય માટે પ્રસિદ્ધ થયા.

સ્વામીજી કાશીપુરમાં ગોપાલલાલ સીલના ઉદ્યાનગૃહમાં રહેતા હતા. એક દિવસ એક યુવાને તેમની પાસે આવીને કહ્યું, ''સ્વામીજી હું ઘણા સ્થળોએ ફર્યો છું. અને ઘણા ધાર્મિક પંથો સાથે મારો ઘનિષ્ઠ સંબંધ થયો છે; પણ તે છતાં 'સત્ય' શું છે તે હું સમજી શક્યો નથી. હું રોજ દરવાજે બંધ કરી ધ્યાનમાં બેસુ છું, પણ શાંતિ હમેશાંની જેમ મારાથી દૂર છે! સ્વામીજી, મને કહો, આમ કેમ ?

સ્વામીજીએ શાંતિથી એની વાત સાંભળી પછી કહ્યું, ''મારા દીકરા, જો તને શાંતિ જોઇતી હોય તો, અત્યાર સુધી તેં જે કર્યું તેનાથી તદ્દન વિરૂદ્ધ તારે કરવુ જોઇએ. તારે દરવાજા ખુલ્લા રાખવાના છે, ચારે તરફ જોવાનું છે. આમ કરવાથી તને આશ્ચર્ય થશે કે કેટલા બધા લોકો તારી મદદ માટે અધીરાઇથી રાહ જોઇ રહ્યા છે. તેમને મદદ કર, તેમને ખવડાવ, પાણી પીવડાવ. જેટલી બને તેટલી સેવા કર. હું ખાતરીપૂર્વક કહું છું, તને શાંતિ મળશે !''

## ગુજરાતી સીનિયર (૮ થી ૧૦ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મુલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

# વિશ્વધર્મનો આદર્શ

જ્યાં જ્યાં આપણી ઇંદ્રિયો પહોંચી શકે છે, અગર આપણાં મન જે કાંઇ કલ્પના કરે છે, તેમાં દરેકમાં આપણે જોઇશું કે બે શક્તિઓના આઘાત પ્રત્યાઘાત થાય છે; એક, બીજીનો વિરોધ કરે છે. પરિણામે આપણી આજુબાજુ ચાલી રહેલી ઘટનાઓ તથા મનમાં ઊઠતા વિચારોની સતત ચાલતી રમત ઊભી કરે છે. આ પરસ્પર વિરોધી શક્તિઓનાં પરિણામો બાહ્ય જગતમાં આકર્ષણ કે વિકર્ષણ રૂપે, કેન્દ્રીકરણ કે વિકેન્દ્રીકરણ રૂપે અને આંતરજગતમાં પ્રેમ કે ધિક્કાર રૂપે, શુભ કે અશુભ રૂપે પ્રગટ થાય છે. કેટલીક વસ્તુઓને આપણે દૂર હડસેલીએ છીએ, કેટલીક વસ્તુઓને આપણે આકર્ષીએ છીયે, કેટલીએક વસ્તુથી આપણે આકર્ષાઇએ છીએ તો કેટલીકથી દૂર ભાગીએ છીએ. જીવનમાં આપણે ઘણીય વખત એવું અનુભવીએ છીએ કે અમુક વ્યક્તિઓ પરત્વે આપણને કોઇ પણ બાહ્ય કારણ વગર આકર્ષણ થાય છે. જ્યારે બીજી વખતે તેવી જ રીતે બીજાઓ પરત્વે કોઇ પણ બાહ્ય કારણ વગર નફરત થાય છે. બધાનો આ અનુભવ છે. જેમ કાર્યક્ષેત્ર વધારે ઊંચું તેમ આ પરસ્પર વિરોધી બળોની શક્તિ વધારે ને વધારે અસરકારક અને વધારે નોંધપાત્ર બને છે. ધર્મ એ માનવવિચારની અને માનવ જીવનની ઊંચામા ઊંચી ભૂમિકા છે; આપણે જોઇએ છીએ કે આ બે બળોનું કાર્ય તેમાં વિશેષ ધ્યાન ખેંચે તેવું બને છે. માનવજાતે અનુભવેલો અત્યંત તીવ્ર પ્રેમ ધર્મમાંથી ઉત્પન્ન થયેલો છે, અને અત્યંત રાક્ષસી ધિક્કાર પણ ધર્મમાંથી જ ઉદ્ભવ્યો છે. જગતે ક્વચિત્ જ સાંભળ્યા હોય તેવા ઉદાત્ત શાંતિમંત્રો પણ ધર્મની ભૂમિકા ઊપરના માનવીઓ પાસેથી મળ્યા છે, તેમ જ દુનિયાએ ક્વચિત્ જ સાંભળ્યા હોય એવા તિરસ્કારનાં કટુમાં કટુ વાક્યો પણ ધાર્મિક મનુષ્યોએ જ ઉચ્ચારેલાં છે. કોઇ પણ ધર્મનો ઉદ્દેશ જેટલો વધારે



ઊંચો અને તેની વ્યવસ્થા જેટલી વિશેષ સૂક્ષ્મ તેટલી તેની પ્રવૃત્તિઓ વધારે નોંધપાત્ર. ધર્મે જગતને જેટલું લોહીની નદીઓમાં ડુબાડ્યું છે તેવું માનવીની બીજી કોઇ પ્રેરણાએ કર્યું નથી. સાથોસાથ ગરીબો માટે એટલી બધી ઇસ્પિતાલો અને આશ્રયસ્થાનો પણ બીજા કોઇ એ સ્થાપ્યાં નથી; ધર્મે જે રીતે કર્યું છે તે રીતે બીજી કોઇ પણ માનવ પ્રવૃત્તિએ માત્ર માનવજાતની જ નહીં, પણ નીચામાં નીચાં પ્રાણીઓની પણ સંભાળ લીધી નથી. અને ધર્મના જેટલું આપણને બીજું કોઇ પણ ઘાતકી બનાવી શકતું નથી. ભૂતકાળમાં આમ બન્યું છે અને ભવિષ્યમાં પણ આમ બનવાનો સંભવ છે. અને છતાંય આ કોલાહલ અને તોફાન, આ ઝઘડા અને અથડામણો, આ સંપ્રદાયો અને ધર્મોના ધિક્કાર અને ઇર્ષ્યાની વચ્ચેથી પ્રસંગોપાત્ત એક બુલન્દ અવાજ ઊઠે છે : જે આ કોલાહલને શમાવી દે છે અને જાણે કે એક છેડાથી બીજા છેડા સુધી પોતાનો અવાજ સંભળાવતો શાંતિ અને સમન્વયની ઘોષણા કરે છે. તે શાંતિ કદીય આવશે ખરી?

આ વિકટ ધાર્મિક કલહના ક્ષેત્રે અતૂટ સમન્વયનું રાજ્ય કદી પણ થશે ખરું? આ સૈકાના છેલ્લા ભાગમાં દુનિયાને આ સમન્વયના પ્રશ્નની ચિન્તા મૂંઝવી રહી છે; સમાજમાં વિવિધ યોજનાઓ રજૂ કરાય છે. અને તેને વ્યવહારમાં ઊતારવાના પ્રયાસો થાય છે. પણ તેમ કરવું કેટલું મુશ્કેલ છે તે આપણે જાણીએ છીએ. જીવનસંઘર્ષની ભીષણતા ઓછી કરવી, કે માનવીના જ્ઞાનતંતુઓની તંગ સ્થિતિને હળવી કરવી એ લગભગ અશક્ય છે તેમ લોકોને જણાય છે. જો જીવનના ભૌતિક - બાહ્ય, સ્થૂળ અને બહારની બાજુના - ક્ષેત્રે સમન્વય અને શાંતિ લાવવાં એટલાં બધા મુશ્કેલ છે, તો માનવીના આંતરસ્વભાવમાં શાન્તિ અને સમન્વય લાવવાં તો તેથી પણ હજારગણાં વધારે મુશ્કેલ છે. અત્યાર પૂરતું આ શબ્દ જાળમાંથી નીકળવા માટે હું તમને વિનંતી કરું છું. છેક બાળપણથી આપણે સહુ પ્રેમ, શાન્તિ, દયા, સમાનતા અને વિશ્વબંધુત્વની વાતો સાંભળીએ છીએ; પણ આપણે માટે એ અર્થ વગરના માત્ર શબ્દો જ બની ગયા છે; આપણે એ શબ્દોને પોપટની માફક પઢીયે છીએ, અને આપણા માટે તે સંપૂર્ણ રીતે સ્વાભાવિક પણ બની ગયું છે. તેમ કર્યા સિવાય આપણો છૂટકો નથી. જે મહાન આત્માઓએ પોતાના અંતરમાં આ ઉચ્ચ વિચારો અનુભવ્યા, તેમણે આ શબ્દો રચી કાઢ્યા અને તે વખતે ઘણા લોકો તેનો અર્થ સમજતા હતા.

આગળ ઉપર અજ્ઞાની લોકોએ શબ્દોની ગંભીરતાને છોડી દીધી અને ધર્મને આચરણની વસ્તુ નહીં પણ માત્ર શબ્દની રમત બનાવી લીધી. તે ''મારા પિતાનો ધર્મ'', ''આપણી પ્રજાનો ધર્મ'', ''તમારા દેશનો ધર્મ'' વગેરે બની જાય છે. કોઇ એક ધર્મમાં માનવું તે માત્ર દેશાભિમાનનું એક અંગ બને છે, અને દેશાભિમાન હમેંશા પક્ષપાતી હોય છે. ધર્મમાં સમન્વય લાવવો હમેશાં મુશ્કેલ હોય છે. છતાં આપણે આ ધર્મસમન્વયનો પ્રશ્ન વિચારશું.

આપણે બધા વિશ્વબંધુત્વ વિષે સાંભળીએ છીએ અને આનો ખાસ ઉપદેશ કરવા માટે સંસ્થાઓ કેવી રીતે ઊભી થાય છે તે પણ જાણીએ છીએ. મને એક જૂની વાત યાદ આવે છે. ભારતમાં દારૂ પીવો તે બહુ ખરાબ લેખાય છે. બે ભાઇઓ હતા; તેમણે એક રાતે ખાનગી રીતે દારૂ પીવાનું નક્કી કર્યું. તેમનો કાકો બહુ જ રૂઢિચુસ્ત માણસ હતો, અને તેમની પડખે જ બાજુના ઓરડામાં સૂતો હતો. આથી બંને ભાઇઓએ દારૂ પીવાનું શરૂ કરતા પહેલાં અંદરોઅંદર કહ્યું, ''આપણે ખૂબ ચૂપ રહેવું જોઇશે, નહીં તો કાકા જાગી જશે.'' તેઓ દારૂ પીતા હતા તે દરમિયાન તેમણે એકબીજાને કહેવાનું ચાલુ રાખ્યું કે ''ચૂપ રહે, કાકા જાગી જશે.'' દરેક જણ સામાને ચૂપ કરવા બરાડા પાડતો હતો. પરિણામે બૂમરાણ વધી અને કાકા જાગી ગયા, ઓરડામાં આવ્યા અને બધી વસ્તુઓ પકડી પાડી. આપણે બધા પણ આવા પીધેલા માણસની માફક બૂમો પાડીએ છીએ : ''વિશ્વબંધુત્વ ! આપણે બધા એક જ છીએ, માટે ચાલો આપણે એક સંપ્રદાય બનાવીએ.'' તમે સંપ્રદાય બનાવ્યો કે તરત જ તમે સમાનતાનો વિરોધ કરો છો અને પછી સમાનતા રહેતી નથી.

આમ આપણે આ જગતમાં વિશ્વબંધુત્વ અને સમાનતાની શોધમાં ભટકીએ છીએ. જ્યારે તમે દુનિયામાં આવી વાતો સાંભળો ત્યારે હું તમને થોડીક શાંતિ જાળવવા, તમારી જાતને જરા સંભાળવા કહીશ; કારણ કે આ બધી વિશ્વબંધુત્વની વાતોની પાછળ ઘોર સ્વાર્થ પરાયણતા હોય છે. ''શિયાળામાં કોઇ વાર વાદળાં ગર્જવા લાગે છે; તે વારંવાર ગર્જના જ કરે છે પણ વરસતાં નથી; જ્યારે વર્ષાઋતુમાં વાદળો બોલતાં નથી પણ દુનિયાને પાણીમાં ડૂબાડી દે છે.'' તેથી જેઓ ખરા કામ કરનારાઓ છે અને અંતરથી ખરેખર વિશ્વબંધુત્વની ભાવના સેવે છે તેઓ ઝાઝી વાતો કરતા નથી, વિશ્વબંધુત્વ માટે પોતાના સંપ્રદાય ઊભા કરતા નથી. છતાં તેમનાં કાર્યો,



તેમની રીતભાત, તેમનું આખુંય જીવન સ્પષ્ટ રીતે બતાવે છે કે તેઓ ખરેખર માનવજાત માટે ભ્રાતૃભાવની લાગણી કરાવે છે, તેઓ બધા પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ રાખે છે. તેઓ બહુ બોલતા નથી, પણ કાર્ય કરે છે અને જીવન જીવે છે. આ દુનિયા ધાંધલભરી વાતો થી બહુ ભરેલી છે. આપણને વાતોની ઓછી પણ થોડાક હૃદયતી સચ્ચાઇપૂર્વકના કાર્યની વધુ જરૂર છે.

અત્યાર સુધી આપણે જોયું કે ધર્મની બાબતમાં કોઇ સર્વમાન્ય લક્ષણો મળવા મુશ્કેલ છે. અને છતાંય તે છે તે આપણે જાણીએ છીએ. આપણે બધા મનુષ્યો છીએ; પણ શું આપણે બધા સરખા છીએ ? જરૂર નહી. આપણે સરખા છીએ તેમ કોણ કહે છે? માત્ર પાગલ. શું આપણે બધા આપણા મગજમાં, શક્તિમાં, શરીરમાં સરખા છીએ ? એક માણસ બીજા કરતાં વધારે બળવાન છે, એક માણસની મગજશક્તિ બીજા કરતાં વધારે છે. જો આપણે બધાય સરખા હોઇએ તો આ અસમાનતા શા માટે? તે કોણે બનાવી? આપણે જ. આપણામાં ઓછીવત્તી શક્તિઓ છે, ઓછીવત્તી બુદ્ધિ છે, ઓછુંવત્તુ શારીરિક બળ છે, તેથી આપણી વચ્ચે જરૂર ભેદ છે; છતાં આપણે જાણીએ છીએ કે સમાનતાનો સિદ્ધાંત આપણા હૃદયને જરૂર સ્પર્શે છે. આપણે બધા માણસો છીએ; તેમાં કેટલાંક પુરુષો છે, કેટલીક સ્ત્રીઓ છે. અહીં એક કાળો માણસ છે, ત્યાં એક ગોરો માણસ છે, પણ બધા માણસ છે. બધા એક જ માનવસમાજના છે. આપણા ચહેરા જુદા જુદા છે. કોઇ પણ બે વ્યક્તિઓને હું એકસરખી જોતો નથી, છતાં આપણે બધા જ મનુષ્યો છીએ. તો અહીં માનવજાતિ ક્યાં છે. હું એક પુરુષને કે સ્ત્રીને કાળાં કે ગોરા જોઉ છું : અને આ બધા ચહેરાઓની વચ્ચે હું જે સહુમાં સરખી રીતે છે તેવી એક સામાન્ય માનવજાત જોઊ છું. હું તેને પકડવા માગું કે તેને અનુભવવા માગું કે તેને સ્વરૂપ આપવા માગું ત્યારે ભલે તે ન મળે; છતાં હું જરૂર જાણું છું કે તે ત્યાં છે જ. જો કોઇ એક બાબતની મને ખાતરી હોય તો આ બધામાં સામાન્યપણે રહેલા મનુષ્યત્વની બાબત છે. આ વ્યાપક એકત્વ દ્વારા જ હું તમને સ્ત્રી પુરુષ તરીકે જોઊ છું. વિશ્વધર્મ માટે પણ આમ જ છે. આ એકત્વ દુનિયાના વિવિધ ધર્મોમાં ઇશ્વરરૂપે રહેલ છે, તે અનન્ત કાળ સુધી રહેવો જ જોઇએ અને રહે જ છે.

મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ ।। ''દોરામાં પરોવાઇ રહેલા આ

બધાં મોતીઓની પેઠે આ બધામાં હું જ છું.'' અને દરેક મોતી તે એક ધર્મ અગર તેનો સંપ્રદાય છે. આવાં જુદા જુદા મોતીઓ રહેલાં છે અને તે બધાની અંદરથી પસાર થતો દોરો ઈશ્વર છે; માત્ર લોકોનો મોટો ભાગ તે બાબતથી સંપૂર્ણપણે અજાણ છે.

વિવિધતામાં એકતા એ તો વિશ્વની યોજના છે. આપણે બધા મનુષ્યો છીએ અને છતાય આપણે એકબીજાથી સાવ જુદા છીએ. માનવસમાજના એક ભાગ તરીકે હું તમારી સાથે અભિન્ન છું પરંતુ કોઇ એક અમુક વ્યક્તિ તરીકે તમારાથી જુદો છું. પુરૂષ તરીકે તમે સ્ત્રીથી જુદા છો પણ માનવી તરીકે સ્ત્રી સાથે એક છો. માણસ તરીકે પશુથી જુદા છો પણ તે સાથે જ, જીવન્ત પ્રાણી તરીકે પુરૂષ, સ્ત્રી, પશુ અને વનસ્પતિ બધાં એક છો; અને સત્તા તરીકે આખાય વિશ્વ સાથે તમે એક છો. આ સાર્વભૌમ સત્તા જ ઇશ્વર છે - તે જ વિશ્વનું અંતિમ એકત્વ છે. તેમાં આપણે બધા એક છીએ. સાથોસાથ અભિવ્યક્તિમાં આ બધી ભિન્નતા હોવી જ જાઇએ. આપણા કાર્યમાં, આપણી શક્તિઓની બાહ્ય અભિવ્યક્તિઓમાં આ ભેદભાવ રહેવો જ જોઇએ. આથી આપણે જોઇ શકીશું કે વિશ્વધર્મના વિચારનો એવો અર્થ કરવામાં આવે કે એક જ પ્રકારના મતવાદને સમગ્ર માનવજાતે અપનાવવી જોઇએ, તો તે સંપૂર્ણપણે અશક્ય છે; એ કદાપિ બની શકે જ નહીં; એવો સમય કદીય ન આવી શકે કે જ્યારે બધાય ચહેરા એકસરખા હોય. વળી આપણે જો એવી આશા રાખીએ કે એક જ સર્વમાન્ય તત્વ હોય તો તે પણ સંભવે નહીં; તે કદાપિ ન બને. તેમ જ એક સર્વમાન્ય અનુષ્ઠાન પણ સંભવી શકે નહી. આવી સ્થિતિ કદીય સંભવી શકે નહીં. જો તેમ બને તો દુનિયા નાશ પામે, કારણ કે વિવિધતા એ જ જીવનનો મૂળ સિદ્ધાંત છે. આપણને સાકાર કોણ બનાવે છે ? વિવિધતા. પૂર્ણ સમતુલા આપણો વિનાશ બનશે.

આ વિશ્વમાં ગતિ કેવી રીતે શક્ય બને છે ? સમતુલા ખોવાથી. સમાનતારૂપ એકતા વિશ્વનો ધ્વંસ થાય ત્યારે જ આવી શકે; તે પહેલાં આ સ્થિતિ અશક્ય છે, એટલું જ નહીં, પણ આમ બને તો તે ભયંકર નીવડે. આપણે બધા એક સરખી રીતે વિચાર કરીએ તેવો ખ્યાલ રાખવો જોઇએ નહીં. એમ થશે ત્યારે વિચાર કરવા જેવો કોઇ વિચાર જ રહેશે નહીં. આપણે બધા એક સમાન થઇ જઇશું; ઇજિપ્તના સંગ્રહસ્થાનમાં સાચવી રાખેલાં મડદાંની



પેઠે કોઇ પણ વિચારવિહોણા આપણે એકબીજા સામે જોયા કરીશું. આ ભેદભાવ, આ વૈચિત્ર્ય, આપણી અંદરોઅંદરની આ સમતુલાનો અભાવ જ મૂળે પ્રગતિના આત્મા સમાન છે; આપણા સઘળા વિચારોનો તે પ્રાણ છે, અને આમ જ સદા હોવું જોઇએ.

તો પછી વિશ્વધર્મના આદર્શથી હું શું કહેવા માગું છું? જે ને બધા અનુસરે તેવું સર્વમાન્ય તત્વજ્ઞાન, સર્વમાન્ય પુરાણ કે સર્વમાન્ય ધાર્મિક અનુષ્ઠાન કહેવા હું નથી ઇચ્છતો, કારણ કે ચક્રની અંદર ચક્રવાળું, યંત્રોના અટપટા સમૂહભર્યું, ઘણું જ જટિલ, ઘણું જ અદ્ભુત એવું આ જગતમાં તો ચાલ્યા જ કરવાનું, તે હું જાણું છું. તો પછી આપણે શું કરી શકીએ ? આપણે તેને સરળતાથી ચલાવી શકીએ, જાણે કે તેના ચક્રોમાં તેલ પૂર્યું હોત તેમ આપણે તેનું ઘર્ષણ ઓછું કરી શકીએ. પણ તે કેવી રીતે? વિવિધતાની સ્વાભાવિક આવશ્યકતાને સ્વીકારી લઇને જેમ આપણે આપણા સ્વભાવથી જ એકતાને સ્વીકારી છે, તેમ વિવિધતાને પણ સ્વીકારવી જોઇએ. આપણે સમજવું જોઇએ કે સત્ય લાખો રીતે વ્યક્ત થઇ શકે છે, અને દરેક રીત સાચી છે. આપણે એ જાણવું જોઇએ કે એક જ વસ્તુ સેંકડો જુદાં જુદાં દ્દષ્ટિબિંદુઓથી જોઇ શકાય છે, અને છતાં વસ્તુ તેની તે જ રહે છે. સૂર્યનો દાખલો લો. ધારો કે પૃથ્વી ઉપર ઊભેલો એક માણસ સૂર્ય જ્યારે સવારે ઉદય પામે છે ત્યારે તેને જુએ છે; તે તેને એક મોટા ગોળારૂપ જુએ છે. ધારો કે તે સૂર્ય તરફ પ્રયાણ શરૂ કરે છે અને સાથે કેમેરા લઇ જાય છે, સૂર્ય સુધી પહોંચે ત્યાં સુધી યાત્રાના પ્રત્યેક તબક્કે તે પ્રત્યેક તબક્કાનો ફોટો લે છે; આ દરેક તબક્કાના ફોટા બીજા બધા તબક્કાના ફોટા કરતાં જુદા દેખાશે. વસ્તુતઃ જ્યારે તે પાછો ફરશે ત્યારે તે પોતાની સાથે જાણે કે જુદા જુદા સૂર્યના અનેક ફોટા લાવ્યો છે એવું લાગશે, અને છતાં આપણે જાણીએ છીએ કે તે બધા એક જ સૂર્યના જુદે જુદે તબક્કે લીધેલા ફોટાઓ જ હતા. આ જ પ્રમાણે ઈશ્વર વિશે પણ છે. ઉચ્ચ કે ઊતરતા તત્ત્વજ્ઞાન દ્વારા, ઉત્કૃષ્ટ કે હીન પુરાણો દ્વારા, સંસ્કૃત અને શુદ્ધ ક્રિયાકાંડ દ્વારા અથવા ભૂલભરેલી ભૂતપ્રેતાદિની ઉપાસના દ્વારા, દરેક સંપ્રદાય, દરેક આત્મા, દરેક જાતિ, દરેક ધર્મ, જાણેઅજાણયે ઊંચે ને ઊંચે ઇશ્વર તરફ જવા મથે છે. સત્યની જે કાંઇ ઝાંખી માનવને થાય છે તે ઇશ્વરની જ ઝાંખી છે, બીજા કોઇની નહીં. ધારો કે આપણે બધા હાથમાં જુદાં જુદાં વાસણો લઇને એક સરોવરમાંથી પાણી

ભરવા જઇએ છીએ. કોઇ પાસે પ્યાલો છે. કોઇ પાસે ઘડો છે, કોઇની પાસે બાલદી છે વગેરે વગેરે અને આપણે સહુ તેમાં પાણી ભરીએ છીએ. દરેક કિસ્સામાં જેની પાસે જેવું વાસણ છે તેવો આકાર પાણી ધારણ કરે છે. જેની પાસે પ્યાલો છે ત્યાં પાણી પ્યાલાનું રૂપ લે છે, જેની પાસે ઘડો છે ત્યાં પાણી ઘડાનું રૂપ લે છે, વગેરે. પણ દરેક કિસ્સામાં, પાત્રોમાં ભરાતાં પાણી સિવાય બીજું કંઇ નથી. આ જ પરિસ્થિતિ ધર્મને વિશે પણ છે. આપણાં મન પેલા પાત્રો જેવા છે અને આપણામાંનો દરેક ઇશ્વર સાક્ષાત્કાર માટે પ્રયત્ન કરે છે. ઇશ્વર આ જુદાં જુદાં પાત્રોમાં ભરાતાં પાણી જેવો છે; દરેક કિસ્સામાં ઇશ્વરનું દર્શન તે તે પાત્રના રૂપપ્રમાણે થાય છે, છતાં ઇશ્વર પોતે તો એક જ છે; દરેક કિસ્સામાં તે જ ઇશ્વર છે. આ એ જ પ્રકારની સાર્વલૌકિકતાનો, વિશ્વદષ્ટિનો સ્વીકાર આપણે કરી શકીએ.

સિદ્ધાંતની દષ્ટિએ આ બધું બરાબર છે, પણ ધર્મોમાં સમન્વય લાવવા માટે કોઇ વ્યવહારુ માર્ગ છે ખરો ? ધર્મના બધા વિચારો સાચા છે તેવું જ્ઞાન તો ઘણું ઘણું જૂનું છે તે આપણે જાણીએ છીએ. એક સુસંવાદી ધર્મમત ઘડવા માટે, બધા ધર્મો પ્રેમભાવે એક બને તેમ કરવા માટે ભારત, અલેક્ઝાન્ડ્રિયા, યુરોપ, ચીન, જાપાન, તિબેટ અને છેવટે અમેરિકામાં પણ સેંકડો પ્રયાસો કરવામાં આવ્યા છે. પણ તે બધા નિષ્ફળ ગયા છે, કારણ કે તેઓએ કોઇ વ્યવહારુ માર્ગ અપનાવ્યો નથી. ઘણાએ કબૂલ કર્યું છે કે દુનિયાના બધા ધર્મો સાચા છે, પણ તે બધાને એક કરવાનો કોઇ વ્યવહારુ માર્ગ કોઇ જ બતાવતું નથી, જેથી આ સમુદાયમાં રહ્યાં છતાં દરેક પોતાનું વ્યક્તિત્વ જાળવી શકે. કોઇ પણ માણસના ધર્મ માંહેની વિશિષ્ટતાનો - તેના વ્યક્તિત્વનો વિનાશ થવા દીધા વિના બીજા બધા સાથે એકતાનું સૂત્ર બતાવે, તેવીજ ધર્મની યોજના વ્યવહારુ લેખાય. પણ અત્યાર સુધી તો ધર્મસમન્વયની જે યોજનાઓ અપનાવવાના પ્રયાસો થયા છે, તેમણે બધા ધર્મના વિવિધ વિચારોનો સમાવેશ કર્યા છતાં વસ્તુતઃ તો સહુ ને અમુક થોડા મતવાદોમાં બાંધી રાખવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે એમાંથી નવા સંપ્રદાયો, કલહો, અથડામણો અને એકબીજાસાથે ઘર્ષણો જ ઉત્પન્ન થયાં છે.

પ્રથમ તો માનવજાતને હું ''કોઇનો નાશ ન કરો'' એ સિદ્ધાંત



સ્વીકારવાનું કહીશ. બને તો સહાય કરો; જો તેમ ન કરી શકો તો હાથ જોડીને બેસી રહો અને જે થાય તે જોયા કરો. ભલે તમે મદદ ન કરી શકો, પરંતુ હાનિ તો ન જ કરો. જો કોઇ પણ માણસની માન્યતાઓ સાચા દિલની હોય તો તેની સામે એક શબ્દ પણ ન કહો.

## ગુજરાતી સીનિયર (૮ થી ૧૦ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મુલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

# માતૃભૂમિ પ્રત્યે આપણું કર્તવ્ય - સ્વામી વિવેકાનંદ

શું ભારત મરી જાય ?? એવું બને તો વિશ્વમાંથી સઘળી આધ્યાત્મિકતા લોપ થઇ જાય. સઘળી નૈતિક પૂર્ણતાનું નામનિશાન ન રહે, ધર્મ માટેની માધુર્યપૂર્ણ અંતરની સહાનુભૂતિ નાબૂદ થઇ જાય, આદર્શવાદ અવકાશમાં ઊડી જાય, અને માનવ-આત્માનું બલિદાન દેવાય આવું કદી બની શકે જ નહી.

ભારત મરે ખરું ? જે બધુ ઉદાત્ત કે નૈતિક કે આધ્યાત્મિક છે તેની આ વૃદ્ધ માતા, જેના પર ઋષિઓના ચરણ ચાલેલા છે તે આ ભૂમિ, જેમાં હજી ઇશ્વરસમા માનવીઓ જીવંત બેઠેલા છે તે આ ભૂમિ, કદી મરે ખરી? ભાઇ ! હું પેલા કથામાંના એથેન્સના ઋષિનું ફાનસ ઉછીનું માગી લાવીનેય આ વિશાળ વિશ્વમાં શહેરોમાં ને ગામડામાં, મેદાનોમાં ને અરણ્યોમાં તારી પાછળ પાછળ ભટકવા તૈયાર છું; તારાથી બને તો બીજા દેશોમાં આવા મનુષ્યો શોધી બતાવ તો ખરો?

આપણી માતૃભૂમિ પ્રત્યે વિશ્વનું ઋણ ઘણું જ મોટું છે, દેશદેશ સાથે સરખામણી કરી જોશો તો જણાશે કે દુનિયા જેટલી આ સહનશીલ હિંદુની નરમ હિંદુની ઋણી છે તેટલી આ પૃથ્વી પરની બીજી કોઇ પણ પ્રજાની નથી.

જ્યારે ગ્રીસનું અસ્તિત્વપણ નહોતું, જ્યારે રોમ વિશે કોઇને વિચાર સરખોય નહોતો આવતો, જ્યારે અત્યારના યુરોપિયનોના બાપદાદાઓ જંગલમાં રહેતા અને શરીર પર રંગના લપેડા કરતા, ત્યારે ભારત પ્રવૃત્તિથી ધમધમી રહ્યું હતું. એથીયે પૂર્વે, જ્યારે ઇતિહાસનો કશો ઉલ્લેખ મળતો નથી અને અતિ દૂરના ભૂતકાળના ગાઢ અંધકારમાં ડોકિયું કરવાની પુરાણોની પરંપરાની પણ હિંમત ચાલતી નથી, એ કાળથી તે અત્યાર સુધીમાં, આ



ભૂમિમાંથી વિચારો આવતા જ ગયા છે. પરંતુ એકએક શબ્દના ઉચ્ચારની પાછળ આશીર્વાદ અને આગળ શાંતિ રહેલા છે.

ભારતે આર્ય પ્રજાઓમાં ઓટ વેળા કાંઠે ફેંકાઇ ગયેલા શેવાળ તરીકે પડ્યા રહેવું એનું કાંઇ કારણ ખરું ? ભારત શું બુદ્ધિમાં ઊતરતું છે? કૌશલ્યમાં શું એ ઊતરતું છે? તમે ભારતની કળા, ભારતનું ગણિત અને તેનું તત્વજ્ઞાન જોયા પછી 'હા' કહી શકશો ખરા? જેની જરૂર છે તે એ જ ભારતે પોતાની જાતને સંમોહનમાંથી મુક્ત કરવાની છે. યુગયુગની નિદ્રામાંથી જાગી ઊઠીને પ્રજાઓની હારમાં પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

ભારતનો રાષ્ટ્રીય આદર્શ છે ત્યાગ અને સેવા. એ દિશામાં એને વધુ પ્રબળ બનાવો, એટલે બીજું બધું એની મેળે ઠીક થઇ રહેશે. આ દેશમાં આધ્યાત્મિકતાના ધ્વજને ઊંચો ચડાવવાની કોઇ સીમા જ નથી. એકમાત્ર તેમાં જ ઉદ્ધાર છે.

અમૃતત્વના પુત્રો ! મારા દેશવાસીઓ ! આ આપણી રાષ્ટ્રનૌકા સંસ્કૃતિને સાથે લઇને સમસ્ત વિશ્વને સમૃદ્ધ કરતી કરતી યુગોથી તરતી રહી છે, અસંખ્ય ઉજ્જવળ સદીઓથી આ આપણી રાષ્ટ્રનૌકા સંસારસાગરમાં ફરી રહી છે, અને લાખો જીવોને જીવનસાગરને પેલે પાર લઇ જઇને સર્વ દુઃખોથી મુક્ત કરી રહી છે. આજે તમારે વાંકે કે બીજા કોઇ પણ કારણે એમાં કાણું પડ્યું છે અને એને નુકસાન પહોંચ્યું છે. હવે એમાં બેઠેલા તમે શું કરવાના? તમે એ વહાણને ગાળો દીધા કરશો ને આપસમાં ઝઘડ્યાં કરશો કે સૌ મળીને કાણું બંધ કરવામાં પૂરી તાકાતથી લાગી જશો? આપણે આપણું લોહી રેડીને પણ એ કામ કરીએ, અને એ પ્રયત્નમાં આપણને સફળતા ન મળે અને ડૂબવાનો જ પ્રસંગ આવે તો એકબીજાનો દોષ કાઢ્યા વિના, ઇશ્વરનું નામ લેતા લેતા સૌ એકીસાથે ડૂબીએ.

કાર્યો તો અનેક કરવાનાં છે, પરંતુ એ કરવાનાં સાધનો આ દેશમાં ઉપલબ્ધ નથી. આપણી પાસે બુદ્ધિ છે. પણ કાર્યકરો નથી. આપણી પાસે વેદાંતનો સિદ્ધાંત છે, પરંતુ તેને વ્યવહારમાં ઉતારવાની શક્તિ નથી. આપણા ગ્રંથોમાં સાર્વત્રિક સમાનતાનો સિદ્ધાંત નિરૂપિત થયો છે. પરંતુ વ્યવહારમાં આપણે મોટા ભેદો ઊભા કરીએ છીએ. સ્વાર્થ અને આસક્તિ રહિત સર્વોચ્ચ કક્ષાનું કાર્ય કરવાનો બોધ ભારતમાં જ અપાયો હતો, પરંતુ

વ્યવહારમાં 'આપણે' જ અત્યંત ક્રૂર અને નિષ્ઠૂર છીએ, તથા આપણા આ માંસના લોચા જેવા દેહ સિવાય અન્ય કશાનો આપણે વિચાર કરી શકતા નથી.

હું પણ માનું છું કે જો કોઈ પણ વ્યક્તિ ભારતવર્ષના લોકોને હૃદયપૂર્વક ચાહે તો એ દેશ જરૂર નવજાગૃતિ પામે, કારણ કે આ દેશના લોકો સંપત્તિની કૃપાથી વંચિત, ફૂટેલા નસીબવાળા, વિવેકબુદ્ધિવિહોણા, પદદલિત, કાયમી ભૂખમરાનો ભોગ બનેલા, કજિયાખોર અને ઈર્ષાળુ છે. જ્યારે સેંકડો વિશાળહૃદયી નરનારીઓ જીવનના સુખોપભોગોની તમામ તૃષ્ણાનો ત્યાગ કરશે અને દારિદ્ર્ય અને અજ્ઞાનની ગર્તામાં ધીમે ધીમે વધુ ને વધુ ઊંડે ખૂંપતા જતા પોતાના લાખો દેશભાઈઓના કલ્યાણની ઝંખના સેવીને પોતાનાથી બનતા પુરૂષાર્થ કરી છૂટશે ત્યારે જ ભારતવર્ષ જાગ્રત થશે.

હુ માનું છું કે આમજનતા પ્રત્યેની આપણી ઉપેક્ષા એ રાષ્ટ્રની દૃષ્ટિએ મહાન પાપ છે - અને આપણા પતનનું એ એક કારણ છે. ભારતની સામાન્ય જનતા જ્યાં સુધી સુશિક્ષિત નહિ બને, તેને સારી રીતે ખાવાપીવાનું નહી મળે અને તેની યોગ્ય સારસંભાળ નહિ લેવાય, ત્યાં સુધી ગમે તેટલું રાજકારણ ખેલીએ તો પણ તેનો કશો અર્થ નહિ રહે. આવા સામાન્ય લોકો આપણા મંદિરો બાંધે છે, આપણી કેળવણી માટે પૈસા આપે છે, પરંતુ બદલામાં તેઓ આપણી લાતો જ પામે છે ! તેઓ લગભગ આપણા ગુલામો જેવા થઇ ગયા છે. આપણે ભારતનો ઉદ્ધાર કરવો હોય, તો આપણે તેમના માટે કાર્ય કરવું પડશે.

મારા બાળકો ! અન્ય માટે લાગણી રાખતાં શીખો, ગરીબ, અજ્ઞાની અને કચડાયેલાં માટે લાગણી રાખો, એટલી હદ સુધી લાગણી રાખો હે તમારું હૃદય બંધ પડી જાય, મગજ ઘૂમ્યા કરે અને તમને લાગે કે તમે પાગલ થઇ જશો અને પછી ઇશ્વરને ચરણે હૃદયની વ્યથા ધરી દો. ત્યાર પછી આવશે શક્તિ, સહાય અને અદમ્ય ઉત્સાહ ! છેલ્લાં દસ વર્ષ દરમિયાન પુરૂષાર્થ, પુરૂષાર્થ એ જ મારો મુદ્રાલેખ હતો. હજુ પણ હું કહું છું કે પુરૂષાર્થ કરો ! જ્યારે સર્વત્ર અંધકાર હતો ત્યારે હું કહેતો કે પુરૂષાર્થ કરો; આજે જ્યારે પ્રકાશ આવતો લાગે છે ત્યારે પણ હું કહું છું કે પુરૂષાર્થ કરો ! મારા શિષ્યો ! ડરો નહી !



હળ પકડતા ખેડૂતની ઝુંપડીમાંથી નૂતન ભારતને ઊભું થવા દો - માછીમારોની, ચમારોની અને ઝાડૂવાળાઓની ઝુંપડીમાંથી તેને જાગવા દો; મોદીની દુકાનમાંથી, ધાણીદાળિયા વેચનારાની ભઠ્ઠીમાંથી તેને કૂદવા દો; કારખાનામાંથી અને બજારોમાંથી તેને બહાર નીકળવા દો; ઝાડી અને જંગલો, ટેકરીઓ અને પર્વતોમાંથી તેને બહાર આવવા દો.

આપણને જરૂર છે પોતાના દેશને માટે સર્વસ્વનો ત્યાગ કરીને જીવન સમર્પણ કરે એવા થોડાએક નવયુવકોની. પ્રથમ આપણે તેમનાં જીવન ઘડવાં જોઇશે. ત્યાર પછી જ કંઇક સાચા કાર્યની આશા રાખી શકાય.

નવયુવકો પર, અત્યારની પેઢી પર મને શ્રદ્ધા છે; તેમનાંમાંથી જ મારા કાર્યકરો આવશે. સિંહની શક્તિથી તેઓ આખા પ્રશ્નને હલ કરશે. મેં એ યોજના આખી ગોઠવી રાખી છે. અને મારૂં આખું જીવન મે એ યોજના ને અર્પણ કર્યું છે. આ પ્રચારકો એક પછી એક નવાં નવાં કેંદ્રમાં ફેલાતા જશે, અને એમ કરતાં કરતાં આખરે આપણે સમગ્ર ભારતને આવરી લઇશું.

કોઇ પણ આપણા સત્ય, પ્રેમ અને નિષ્ઠાનો સામનો કરી શકશે નહિ. તમારામાં નિષ્ઠા છે? તમે મરણપર્યંત નિઃસ્વાર્થ રહી શકો છો ? તમારામાં પ્રેમભાવના છે ? તો પછી કશી બાબતનો ડર ન રાખો; ખુદ મૃત્યુનો પણ નહી ! આગળ ધપો યુવકો ! સમસ્ત જગતને પ્રકાશની જરૂર છે; તેને માટે એ આશાભરી મીટ માંડી રહ્યું છે ! એ પ્રકાશ કેવળ ભારતવર્ષની પાસે જ છે. અને તે જાદુઇ જંતરમંતર કે ચાલાકીમાં નહિ, પણ સાચા ધર્મના હાર્દની - અર્થાત સર્વોચ્ચ આધ્યાત્મિક સત્યની મહત્તાનો ઉપદેશ આપવામાં. એ કારણે જ પરમાત્માએ આ ભારતીય પ્રજાને અનેક ઉથલપાથલોમાંથી પાર ઉતારીને આજ પર્યંત ટકાવી રાખી છે. હવે સમય આવી ગયો છે. વીર યુવકો ! શ્રદ્ધા રાખો કે તમારો સહુનો જન્મ મહાન કાર્યો કરવા માટે થયો છે ! કુરકુરિયાંના ભસવાથી ડરી જશો નહિ, અરે, આકાશના વજ્રપ્રહારથી પણ ભયભીત થશો નહિ. પણ ઊભા થઈ અને કામે લાગો !

ઉત્સાહ રાખો અને સૌમાં પ્રેમ પ્રેરો. કામ, બસ કામ કરો ! નેતા હોવા છતાં સૌના સેવક બનો, નિસ્વાર્થ બનો, એક મિત્ર ખાનગીમાં બીજા ઉપર આક્ષેપ કરે તે કદી ન સાંભળો. અખૂટ ધીરજ રાખો; અંતે તમને વિજય મળવાનો જ છે !

સાવચેત રહેજો ! જે કંઇ અસત્ય છે તેનાથી સાવધાન રહજો. સત્યને વળગી રહેજો, તો આપણે સફળ થઇશું; ભલેને ધીરે ધીરે પણ સફળતા જરૂર આવશે. જાણે કે હું ન હોઉં તેવી રીતે કામ કરો. જાણે કે તમારા ઉપર જ બધા કામની જવાબદારી છે તેવી રીતે કામ કર્યે રાખો. પચાસ સૈકાઓ તમારા તરફ મીટ માંડી રહ્યા છે, ભારતનું ભવિષ્ય તમારે હાથ છે. કામ કરો.

મૃત્યુપર્યંત કામ કરો; હું તમારી સાથે જ છું. અને જ્યારે હું સંસારમાંથી વિદાય લઇશ, ત્યારે મારો આત્મા તમારી સાથે રહીને કાર્ય કરશે. આ જીવન તો આવે છે ને જાય છે - સંપત્તિ, કીર્તિ, ભોગવિલાસો, એ બધું કેવળ ચાર દિનની ચાંદની છે. સંસારી કીડા તરીકે મરી જવા કરતાં, સત્યનો પ્રચાર કરતાં કરતાં કર્તવ્યક્ષેત્રમાં ઝૂઝતાં મૃત્યૂ પામવું એ અનેકગણું સારું છે. આગળ ધવો !

તમારા જ્ઞાનતંતુઓને મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલોદી જ્ઞાનતંતુઓની, ઘણા કાળ સુધી આપણે રોતા રહ્યા છીએ : હવે રોવાનું મુકીને તમારા પોતાના પગ ઉપર ખડા થાઓ અને મર્દ બનો.

પહેલાં આજ્ઞાપાલક બનો. પશ્ચિમનાં રાષ્ટ્રોમાં, સ્વાતંત્ર્યની ભાવના આટલી ઊંચી હોવા છતાં, આજ્ઞાપાલનનો ગુણ પણ એટલો જ જોરદાર છે. આપણે બધા પોતાની જાતને વધુ મહત્વ આપનારા છીએ. આવી પ્રવૃત્તિથી કામ કદી ન થાય. વ્યક્તિનું તેમ જ રાષ્ટ્રનું પુનરુત્થાન કરનાર ગુણો આ જ છે; મહાન સાહસિકતા, બેહદ હિંમત, અજબ શક્તિ અને સૌથી વિશેષ સંપૂર્ણ આજ્ઞાપાલન. આ બધા ગુણોનો આપણામાં સર્વથા અભાવ છે.

જ્યાં સુધી નાયક આગળ વધી મોતનો સામનો ન કરે ત્યાં સુધી સૈનિકોમાંનો કોઇ પણ હિંમતથી લડતો નથી. બધા કામોમાં આવું જ છે. 'સિરદાર એ જ સરદાર!' કોઇ પણ કાર્ય માટે તમે તમારૂ પોતાનું બલિદાન આપવા તત્પર થઇ શકો તો જ તમે નેતા બની શકો. પણ આપણે બધાને તો કોઇ જાતના જરૂરી ત્યાગ વિના જ આગેવાન બની જવું છે. પરિણામ શૂન્ય આવે છે - આપણને કોઇ સાંભળતું જ નથી !

સંખ્યાની કંઇ ગણતરી નથી. લક્ષ્મી કે ગરીબાઇને કંઇ લાગતું વળગતું



નથી. વિચાર, વાણી અને કાર્યમાં સંગઠિત થયેલા એક મુઠ્ઠીભર માણસો પણ દુનિયામાં ઉથલપાથલ કરી નાખી શકે ! આ શ્રદ્ધા કદી ગુમાવશો નહીં. મુશ્કેલીઓ જેટલી વધારે તેટલું વધુ સારૂં. પ્રવાહમાં જો કોઇ પણ પ્રતિરોધ ન હોય તો તેનો વેગ વધે ખરો કે? વસ્તુ જેટલી નવી, જેટલી સારી, તેટલા પ્રમાણમાં તેની સામે શરૂઆતમાં વિરોધ વધારે થવાનો. વિરોધ સફળતાનું પૂર્વ લક્ષણ છે.

જો તમે ખરેખર મારાં બાળકો હશો, તો કોઇ વસ્તુનો તમે ડર રાખશો નહિ અને ક્યાય પણ અટકશો નહિ. તમારે સિંહ જેવા બનવાનું છે. આપણે ભારતવર્ષને અને સમસ્ત જગતને જાગ્રત કરવાના છે. જો જરૂર જણાય તો અગ્નિમાં ઝંપલાવવાની પણ મારાં સંતાનોની તૈયારી હોવી જોઇએ.

અન્યને માટે કરેલું જરા સરખું કાર્ય પણ અંદરની શક્તિ જગાવે છે; ... અન્યનું ભલું કરવાનો જરા સરખો વિચાર સુદ્ધાં હૃદયમાં સિંહ સમાન બળનો સંચાર કરે છે ! મને તમારા સહુ પ્રત્યેક ખૂબ જ વહાલ છે. પણ હું ઇચ્છું કે બીજાઓને માટે કાર્ય કરતાં કરતાં તમે મૃત્યુ પામો; એ રીતે તમે મૃત્યુને ભેટશો તો મને વધારે આનંદ થશે. આ દુનિયામાં તમે આવ્યા છો તો કંઇક નામ રાખી જાઓ; નહિતર તમારામાં અને પેલાં ઝાડ કે પથ્થરમાં ફરક શો રહ્યો?

અરે ભાઇ ! જો મૃત્યુ અનિવાર્ય છે, તા લાકડાં કે પથ્થરની માફક જીવવા કરતાં વીરની માફક મરવું શું વધારે સારૂ નથી઼ વળી આ ક્ષણભંગુર જગતમાં એકાદ - બે દહાડા વધારે જીવવાથી પણ શો લાભ છે? પડ્યા પડ્યા કટાઇ જવા કરતાં, ખાસ કરીને બીજાનું જે થોડું પણ ભલું થઇ શકે તે કરતાં કરતાં ઘસાઇ મરવું વધુ સારૂં !

ભારતનો ઉદ્ધાર થશે જ : શરીરના બળથી નહીં પરંતુ આત્માની શક્તિથી઼ વિનાશની વાવટાથી નહીં પરંતુ શાંતિ અને પ્રેમના ધ્વજથી. એક દૃશ્ય હું આપણા અસ્તિત્વ જેટલું જ સ્પષ્ટ જોઇ રહ્યો છું, કે આપણી પ્રાચીન માતા ફરી પાછી એક વાર જાગી ઊઠી છે, અને પૂર્વ કદીયે હતી તેના કરતાં વધુ યૌવનસંપન્ન અને વધુ મહિમાવાન બનીને પોતાના સિંહાસન પર બિરાજમાન થઇ છે. સમસ્ત વિશ્વની સમક્ષ શાંતિ અને આશીર્વાદના અવાજે નેકી પોકારો

કે ભારત માતા કી જય હો !

ચાલો આપણે સૌ કામે લાગી જઇએ. આ સમય સુઇ રહેવાનો નથી. આપણા કાર્ય ઉપર ભાવિ ભારતના આગમનનો આધાર છે. મા ભારતી તૈયાર થઇને રાહ જોઇ રહી છે. એ માત્ર સુષુપ્ત દશામાં પડેલી છે. ઊઠો, જાગો અને આપણી ભારતી મૈયાને પુનરૂત્થાન પામેલી, પૂર્વે હતી તેના કરતાંય વધુ પ્રતાપી, પોતાના સનાતન સિંહાસન પર અહીં જ બિરાજમાન થયેલી નિહાળો!



## ગુજરાતી સીનિયર (૮ થી ૧૦ વર્ગ)

અગત્યની સૂચના :

૧. દરેક વિદ્યાર્થીએ વક્તવ્ય ત્રણ મિનિટમાં પૂરું કરવાનું રહેશે.

૨. વિષયથી વિચલિત નહીં થવું.

૩. નિર્ણાયક દ્વારા મુલ્યાંકન

(અ) વિષય : ૩૦ ગુણ (બ) સ્પષ્ટતા : ૧૦ ગુણ (ક) પ્રભાવ : ૧૦ ગુણ

# તમે તમારા ભાગ્યવિધાતા !

જિંદગીમાં મેં શીખેલા અનેક મહાન બોધપાઠોમાંનો એક એ છે કે જેટલું ધ્યાન કાર્યના ધ્યેય તરફ આપવું જાઇએ તેટલું જ તેના સાધન તરફ પણ આપવું જોઇએ. આ પાઠ હું એક મહાન પુરૂષ પાસેથી શીખ્યો હતો અને તેનું પોતાનું જીવન આ મહાન સિદ્ધાંતના પ્રત્યક્ષ દાખલારૂપ હતું. તે એક જ સિદ્ધાંતમાંથી હું હમેશા ઘણું ઘણું શીખું છું. મને લાગે છે કે સફળતાનું સર્વ રહસ્ય એમાં જ રહેલું છે કે જેટલું ધ્યાન સાધ્ય પ્રત્યે આપો તેટલું જ સાધન પ્રત્યે પણ આપો.

સામાન્ય રીતે માણસો જીવનનો બધો દોષ પોતાના સાથીદાર પર જ ઢોળતા હોય છે; એ બને તેવું ન હોય તો ઇશ્વર પર તેઓ દોષ ઢોળે છે, અથવા નસીબ જેવા એકાદ ભૂતને ઊભું કરી તેનો વાંક કાઢે છે. પણ નસીબ ક્યાં છે? અને કોણ છે? વાવીએ તેવું લણીએ. આપણે જ આપણા ભાગ્યવિધાતા છીએ. બીજા કોઇનો વાંક પણ નથી કે બીજા કોઇને ભાગે યશ પણ જતો નથી. પવન તો વાયા જ કરે છે. જે વહાણના સઢ ખુલ્લા હશે તેમાં પવન ભરાશે, તે આગળ ધકેલાશે; પર જેમના સઢ સંકેલી લીધેલા હશે તેમાં પવન ભરાશે નહિ. એમાં પવનનો શો વાંક !

તમારા પગ પર ઊભા રહો અને બધી જવાબદારી પોતાને માથે લો. કહો કે, 'જે આ દુ:ખ હું ભોગવું છું તે મારી પોતાની જ કરણીનું ફળ છે અને એ હકિકત પોતે જ બતાવે છે કે એનો ઉપાય મારે એકલાને જ કરવો પડશે.' જે આપણે પોતે સર્જ્યું તેનો નાશ આપણે કરી શકીએ, પણ જે બીજા કોઇકની કૃતિ હોય તેનો આપણાથી કદી નાશ કરી શકયા નહિ. માટે ઊભા થાઓ, હિંમતવાન બનો, તાકાતવાન થાઓ. બધી જવાબદારી પોતાને શિરે ઓઢી લો - અને જાણી લો કે તમારા નસીબના ઘડવૈયા તમે પોતે જ છો. જે કાંઇ શક્તિ

અને સહાય તમારે જોઇએ તે તમારી પોતાની અંદર જ છે.

તમારૂં ભાવિ તમે પોતે જ ઘડો. ગઇ ગુજરીને યાદ કરવાની જરૂર નથી. તમારી સમક્ષ અનંત ભાવિ પડેલું છે; હમેશાં યાદ રાખજો જે કે દરેક શબ્દ તમે ઉચ્ચારો, જે દરેક વિચાર તમે સેવો અને જે દરેક કાર્ય તમે કરો, તે તમારા માટે સંસ્કારનું ભંડોળ ભેગું કરે છે; અને જેમ ખોટા વિચારો અને ખોટાં કાર્યો તમારી ઉપર વાઘની જેમ, તરાપ મારવાને ટાંપી રહ્યાં હોય છે, તેમ બીજી બાજુ, એવી પ્રેરક આશા પણ છે કે સારા વિચારો અને સારા કાર્યો સદાસર્વદા તમારું રક્ષણ કરવા માટે એક લાખ જેટલા દેવદુતોની શક્તિ દાખવીને, સજ્જ બની બેઠા છે.

આપણે જે છીએ એને માટે આપણે જ જવાબદાર છીએ; અને જે થવાની આપણને ઇચ્છા હોય તે થવાની શક્તિ આપણામાં જ રહેલી છે. જો આજે આપણે જે છીએ તે આપણા પૂર્વકર્મોનું પરિણામ છે, તો આપણાં આજનાં કર્મો આપણું ભાવિ નક્કી કરશે, એમાં કશી શંકા નથી. તેથી આપણે કેવી રીતે કાર્ય કરવું તે જાણવાની જરૂર છે. જો તમે ધિક્કાર, અને ઇર્ષ્યાની ભાવના સેવશો તો તે તમારા પર ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે આવી પડશે., કોઇ પણ શક્તિ તેને રોકી શકતી નથી; એક વાર તમે તેમને વહેતા કર્યા, એટલે પછી તમારે તેમનાં ફળ ભોગવ્યા વિના છૂટકો જ નથી. આ યાદ રાખશો તો દુષ્ટ કામ કરતા અટકશો.

આપણો પ્રત્યેક વિચાર, આપણું પ્રત્યેક કાર્ય, અમુક સમય પછી, સૂક્ષ્મ કાર્ય બની જાય છે, અર્થાત બીજનું રૂપ ધારણ કરે છે અને તે સૂક્ષ્મ શરીરમાં સુષાવસ્થામાં રહે છે; અમુક સમય પછી તે ફરીથી બહાર આવે છે અને કશું ક ફળ કે પરિણામ ઉત્પન્ન કરે છે. આ પરિણામો મનુષ્યનાં જીવનને નિયંત્રિત કરે છે. આ રીતે એ પોતાના જીવનનું ઘડતર કરે છે. મનુષ્ય પોતે જ નિયમો પોતાના માટે ઘડે છે તે સિવાયના બીજા કોઇ નિયમો તેને બાંધતા નથી.

પવિત્રતા, ધૈર્ય અને ખંત, એ ફતેહ માટેનાં ત્રણ જરૂરી તત્ત્વો છે; તે ઉપરાંત બધાં ઉપર પ્રેમ, આપણે પોતાના જ માટે, પોતાની જ જવાબદારીપર સારા બનીએ - એટલા માટે નહીં કે ભૂતકાળમાં કોઇ સારો માણસ થઇ ગયો.

શુભનો માર્ગ વિશ્વનાં ઘણોજ કઠિન અને આકરા સીધા ચઢાણવાળો



છે. આટલા બધા સફળ થાય છે તે જ આશ્ચર્ય છે; અનેક નિષ્ફળ જાય છે તેમાં કંઇ જ આશ્ચર્ય નથી. હજારો ઠોકરો ખાઇને ચારિત્ર્યને દઢ કરવાનું છે.

સત્કર્મ કર્યે જ જાઓ, નિરંતર પવિત્ર વિચારો કર્યે રાખો; હીન સંસ્કારોને દબાવવાનો એકમાત્ર ઉપાય એ જ છે. કદી પણ એમ નહીં કહેતા કે અમુક માણસ સુધરી નહીં જ શકે; કારણ કે એ વ્યક્તિ એટલે અમુક પ્રકારનું ચારિત્ર્ય, એક ટેવોનું પોટલું, કે જે ટેવો નવી અને વધુ સારી ટેવો વડે કાબૂમાં લાવી શકાય. ચારિત્ર્ય એટલે પુનરાવર્તન પામેલી ટેવો, એટલે કેવળ પુનરાવર્તન પામેલી ટેવ જ ચારિત્ર્યને સુધારી શકે. બ્રહ્મચર્ય દ્વારા પ્રબળ મગજશક્તિ ખીલે છે અને અણનમ, ઇચ્છાશક્તિ વિકસે છે.

કોઇ વ્યક્તિનાં ચારિત્ર્યનો નિર્ણય કરવો હોય તો તેના મોટા કાર્યો તરફ દષ્ટિ કરશો નહિ, કારણ કે જીવનના કોઇ એકાદ કાળે મૂર્ખ વ્યક્તિ પણ મહાન બને ખરી. વસ્તુતઃ તો વ્યક્તિ તેનાં નાનાં નાનાં કાર્યો કરતી હોય ત્યારે તેનું નિરીક્ષણ કરો; આવાં નાનાં કાર્યો જ તમને મહાન વ્યક્તિનાં સાચા ચારિત્ર્યની પિછાન કરાવશે. મહાન પ્રસંગો ક્ષુદ્રમાં ક્ષુદ્ર વ્યક્તિને પણ અમુક પ્રકારની મહત્તા પ્રાપ્ત કરવા માટે પ્રેરે એવું બને છે, પરંતુ ખરી મહાન વ્યક્તિ તો એ જ હોય છે કે જે જીવનનું હરકોઇ - નાનું કે મોટું કાર્ય કરતી વખતે ચારિત્ર્યમાં એટલી જ મહાન રહે છે.

આપણાં જીવન સારા અને પવિત્ર હોય તો જ દુનિયા સારી અને પવિત્ર થઇ શકે. દુનિયા તો એક કાર્ય છે, કારણ આપણે છીએ. એટલા માટે, આપણે આપણી જાતને શુદ્ધ બનાવીએ; આપણે આપણી જાતને સંપૂર્ણ બનાવીએ. કોઇપણ અપેક્ષા રાખ્યા વગર આપણે જગતમાં મોકલેલો પ્રત્યેક સદ્‌વિચાર સંચિત થતો જશે. જ્યાંસુધી આપણે અત્યંત પવિત્ર નથી થતા ત્યાંસુધી આપણને ધીમે ધીમે અધિકાધિક પવિત્ર કરતો જશે.

ઝગડવાથી અને ફરિયાદ કર્યા કરવાથી શું વળવાનું છે? ઉચ્ચતર કાર્યો કરવામાં આવી વૃત્તિ આપણને કામ આવવાની નથી. જે માણસ પોતાના ભાગે આવેલું નાનું કાર્ય કરવામાં બબડાટ કરે છે, તે માણસ કાર્યમાત્ર પ્રતિ બબડાટ કર્યા કરશે. નિરંતર બબડાટ કરવાને કારણે તેનું જીવન દુઃખમય બની જશે અને પ્રત્યેક કાર્યમાં તેને નિષ્ફળતા સાંપડશે. પરંતુ જે માણસ કાર્યમાં ઝંપલાવીને પોતાના ભાગે આવેલું કર્તવ્ય બજાવે છે તેને અવશ્ય પ્રકાશ સાંપડશે અને પછી વધુ ને વધુ ઉચ્ચ પ્રકારનાં કર્તવ્યો બજાવવાનું

તેના ભાગમાં આવશે.

આ દુનિયા એક મોટી વ્યાયામશાળા છે; ત્યાં આપણે પોતાની જાતને શક્તિશાળી બનાવવા માટે આવીએ છીએ. જગતયંત્રના ચક્રથી ડરીને નાસી ન જાઓ. પણ અંદર જ ઊભા રહો અને કાર્યનું રહસ્ય જાણો. અંદર રહી યો ... કાર્ય કરવાથી, બહાર આવવાનું શક્ય પણ બને. આ યંત્રમાંથી બહાર આવવાનો એ જ માર્ગ છે. લક્ષ્યને પહોંચવા માટે પ્રયત્ન ન કરવો? આપણે નિષ્ફળતાઓમાંથી જ જ્ઞાન મેળવીએ છીએ.

કમભાગ્ય આ જીવનમાં ઘણા મોટા ભાગના મનુષ્યો કોઈ પણ આદર્શ વિના અંધકારમા ફાંફા મારે છે. આદર્શવાળો માનવી કદાચ હજારો ભૂલો કરતો હશે, તો મારી ખાતરી છે કે આદર્શવિહોણો માનવી તો પચાસ હજાર ભુલો કરતો હશે. માટે જીવનમાં એકાદ આદર્શ હોવો જરૂરી છે. મારો આદર્શ ખરેખર થોડાક શબ્દોમાં આમ મૂકી શકાય : 'માનવજાતને તેનામાં રહેલી દિવ્યતાનો અને જીવનની દરેક પ્રવૃત્તિમાં તેને કેવી રીતે વ્યક્ત કરવી, તેનો ઉપદેશ આપવો.'

આ વિશ્વમાં બીજાં બધાં શરીરો કરતાં માનવદેહ સૌથી ઉત્તમ છે. માણસ પ્રાણીમાત્ર કરતાં ચડિયાતો છે. દેવોને પણ પૃથ્વી પર ફરીથી આવીને માનવશરીર દ્વારા મુક્તિ મેળવવી પડશે. એકલો માનવ જ પૂર્ણત્વ પામે છે

સમાજનાં સઘળા કલ્યાણમય પરિવર્તનો તેની અંદર કાર્ય કરિ રહેલાં આધ્યાત્મિક પરિબળોના આવિર્ભાવો છે; જે આ પરિવર્તનો પ્રબળ અને સુવ્યવસ્થિત હશે તો સમાજ પોતાને એ રીતે વ્યવસ્થિત કરશે. દરેક વ્યક્તિએ પોતાની મુક્તિ પોતે સાધવાની છે; બીજો કોઈ રસ્તો નથી. પ્રજાઓની બાબતમાં પણ તેમ જ છે. વળી દરેક પ્રજાની મોટી સંસ્થાઓ તેના ખુદ અસ્તિત્વ માટેની શરતો છે. તે કોઈ બીજી પ્રજાના બીબામાં ઢાળી શકાય નહિ... તમામ સંસ્થાઓ વધતેઓછે અંશે અપૂર્ણ હોવાથી તેમાંની ખામીઓ બતાવવાનું સાવ સહેલું છે, પરંતુ માનવજાતનો સાચો હિતસ્વી તો તે છે કે જે વ્યક્તિની અપૂર્ણતાઓને દૂર કરવામાં તેને મદદ કરે - પછી તે વ્યક્તિ ગમે તે સંસ્થાની હોય. જો વ્યક્તિને ઊંચે ચડાવવામાં આવે તો રાષ્ટ્ર અને તેની સંસ્થાઓ ઊંચે ચડ્યા વિના રહે જ નહિ. તમારો વિકાસ અંદરથી થવો જોઈએ. તમને કોઈપણ શિખવી નહીં શકે. તમારા પોતાના આત્મા સિવાય,



તમારો બીજો કોઈપણ શિક્ષક નથી.

પ્રકૃતિની સામે જે પડકાર ફેંકે તેને ચૈતન્યપૂર્ણ કહેવાય. એમાં ચૈતન્યની અભિવ્યક્તિ છે. એક તુચ્છ કીડીને મારી નાખવાનો પ્રયત્ન કરી જુઓ. એકવાર તો એ પણ પોતાની જિંદગી બચાવવા માટે તમારી સામે થશે. જ્યાં જ્યાં સંઘર્ષ છે, જ્યાં જ્યાં પડકાર ફેંકવાની વૃત્તિ છે, ત્યાં જીવનની નિશાની છે, ત્યાં ત્યાં ચૈતન્યની અભિવ્યક્તિ છે.

માનવી પ્રકૃતિની સામે સંઘર્ષ અને યુદ્ધ શરૂ કરે છે. તે અનેક ભુલો કરે છે અને યાતના ભોગવે છે, પરંતુ આખરે તે પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરે છે અને પોતાની મુક્તિનો સાક્ષાત્કાર કરે છે. જ્યારે તે મુક્ત બને છે, ત્યારે પ્રકૃતિ તેની ગુલામ બને છે. મનુષ્ય ત્યાંસુધી મનુષ્ય કહેવાય જ્યાં સુધી એ પ્રકૃતિથી ઉપર ઉઠવાનો સંઘર્ષ કરે છે. આ પ્રકૃતિ બાહ્ય અને આંતરિક બન્ને છે. વિવિધ રાષ્ટ્રોના ઈતિહાસનું પુનરાવલોકન કરતાં આપણને જણાય છે કે જ્યારે કોઈ રાષ્ટ્રમાં આવા લોકોની વૃદ્ધિ થઈ છે ત્યારે જ તે રાષ્ટ્રનો અભ્યુદય થયો છે.

દરેક કાર્યને ઉપહાસ, વિરોધ અને આખરે સ્વીકાર - એ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. વિચારોની બાબતમાં પોતાના જમાનાથી આગળ વધેલી પ્રત્યેક વ્યક્તિને ગેરસમજના ભોગ બનવું જ પડે છે; એટલે વિરોધ અને કનગડત ભલે આવે; માત્ર હું જ જો સ્થિર અને પવિત્ર રહીશ તથા ઈશ્વર માં પ્રબળ શ્રદ્ધા રાખીશ, તો આ બધું અદશ્ય જશે.

આપણું કર્તવ્ય એ છે કે 'આદેશનું પાલન કરતાં કરતાં મૃત્યુને ભેટવું, નહિ કે કર્તવ્ય વિષે પ્રશ્નો ઉઠાવ્યા કરવા.' હિંમત રાખો અને એવી ભાવના કેળવો કે પરમેશ્વરે આપણને મહાન કાર્યો કરવા માટે પસંદ કર્યા છે - અને એ કાર્યો આપણે અવશ્ય કરીશું. સંસ્કૃતમાં એક સુભાષિત છે : દૈવં પ્રધાનિમિતિ કાપુરૂષા : વદન્તિ । 'પ્રારબ્ધ બળવાન છે - એવું બાયલાઓ કહે છે' પણ શક્તિશાળી માણસ તો ખડો થઈને કહે છે, "મારૂં ભાગ્ય હું પોતે ઘડી કાઢીશ" જેઓ ઘરડા થતા જાય છે એવા માણસો જ ભાગ્યની વાત કરે છે. જુવાન માણસો સામાન્ય રીતે ભાગ્ય વાંચનારાઓની પાસે જતાં નથી.

કાયમના અભ્યાસથી એ કઠિનાઈને આપણે ઓળંગી શકીએ. આપણે શીખી લેવું જોઈએ કે આપણે પોતે જ્યાં સુધી આપણી જાતને ગ્રહણ-યોગ્ય

બનાવીએ નહીં, ત્યા સુધી આપણને કંઇ જ થઇ શકે નહીં.

એકવાર હું હિમાલયમાં પ્રવાસ કરતા હતો; અમારી સામે દૂર દૂર સુધી લાંબો રસ્તો વિસ્તરતો હતો. અમારા જેવા ગરીબ સાધુઓને ઊંચકીને લઇ જવા માટે કોઇ માણસ મળે તેમ ન હતું. એટલે આખે રસ્તે અમારે પગપાળા જ ચાલવાનું હતું. અમારી સાથે એક વૃદ્ધ માણસ હતો. સેંકડો માઇલ સુધી ઊંચો નીચો ચાલ્યા જતો રસ્તો જ્યારે પેલા ઘરડા સાધુએ જોયો, ત્યારે તે બોલી ઉઠ્યો, ''અરે ભાઇ ! આ રસ્તા કેમ પાર કરાય ? હું વધારે ચાલી શકું તેમ નથી. મારી તો છાતી ભીંસાઇ જાય છે,'' મેં તેમને કહ્યું, '' તમારા પગ નીચે નજર કરો'' તેણે જોયું. મેં કહ્યુ, ''તમારા પગ નીચે જે રસ્તો છે તે જ રસ્તાને તમે પસાર કરી આવ્યા છો અને તમારી નજર સામે જે રસ્તો છે તે પણ એ જ રસ્તો છે. થોડી વારમાં એ પણ તમારા પગ તળે આવી જશે.'' તમારી સાચી પ્રકૃતિ તો આવી છે. બળવાન બનો. બધા વહેમોથી પર જાઓ અને મુક્ત બનો.

દરેક વ્યક્તિમાં દિવ્યતા સુષુપ્તપણે રહેલી છે. અંદરની આ દિવ્યતાને બાહ્ય તેમજ આંતરપ્રકૃતિના નિયમન દ્વારા અભિવ્યક્ત કરવી એ જીવનનું ધ્યેય છે. કર્મ, ઉપાસના, મનનો સંયમ અથવા તત્ત્વજ્ઞાન - એમ એક અથવા અનેક દ્વારા આ જીવનધ્યેયને સિદ્ધ કરો અને મુક્ત બનો.

બધાને ઉપદેશ કરો - ઊઠો, જાગો, હવે વધારે ઊંઘો નહિ; બધી ખામીઓ અને બધાં દુઃખોને દૂર કરવાની શક્તિ તમારી અંદર જ છે. આમાં શ્રદ્ધા રાખો એટલે એ શક્તિ આપોઆપ પ્રગટ થશે.

જો તમે એ માનવા લાગો કે તમારામાં અનંત શક્તિ, અનંત જ્ઞાન અને અજેય બળ રહેલા છે, જો તે શક્તિઓને તમે પ્રકટ કરી શકો, તો તમે પણ મારા જેવા જ બની શકો !